Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

दंसणमूलो धम्मो



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૦૮A

## જ્ઞાની કહે છે-તું આનંદમાં આવ

જેમ માતા બાળકને વહાલથી શિખામણ આપે તેમ આચાર્યદેવ શિષ્યને મીઠાશથી સમજાવે છે કે ભાઈ! જડની ક્રિયામાં તારો ધર્મ ગોતવો મુકી દે. આ ચૈતન્યમાં તારો ધર્મ છે; ચૈતન્યરૂપ તારો આત્મા કોઈ દિવસ જડ થયો નથી. જડ અને ચૈતન્ય બંને દ્રવ્યના ભાગલા પાડીને હું તને કહું છું કે આ ચૈતન્ય દ્રવ્ય જ તારું છે, પુદ્ગલ દ્રવ્ય તારું નથી, એ તો જડનું છે. માટે હવે જડથી ભિન્ન તારા ચૈતન્યધર્મને જાણીને તું અત્યંત પ્રસન્ન થા, સર્વ પ્રકારે પ્રસન્ન થા, તારું ચિત્ત ઉજવળ કરીને સાવધાન થા, ને 'આ સ્વદ્રવ્ય જ મારું છે, ચૈતન્ય જ હું છું' એમ તું અનુભવમાં લે. અહા, પુદ્ગલથી તદ્દન ભિન્ન આવું તારું ચૈતન્યતત્ત્વ અમે તને દેખાડયું,–હવે તું આનંદમાં આવ, પ્રસન્ન થા. ભેદજ્ઞાનના ઉગ્ર અભ્યાસ વડે સ્વાનુભવ કર.

卐 卐 卐

તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર    સંપાદકઃ બ્ર. હરિલાલ જૈન

વીર સં. ૨૪૯૫, પ્ર. અષાઢ (લવાજમ : ચાર રૂપિયા) વર્ષ ૨૬ : અધિક અંક

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# ज्ञान विना शिव ना लहै

અહો, એવું અનુપમ આત્મસ્વરૂપ અંતર્ ઘટમાં જ શોભે છે કે જેના સ્મરણ અને જાપ-ધ્યાનથી ભવ ભવનાં દુઃખ મટી જાય છે.

કેવળજ્ઞાન અને કેવળદર્શનમાં સ્થિરતાપણે જે પદ શોભે છે, અને જેની ઉપમા આપી શકાય એવી કોઈ વસ્તુ ત્રણલોકમાં નથી, આવું અનુપમ પદ હે જીવ! તારા ઘટમાં વિરાજે છે.

ભલે પરિષહનો ભાર સહન કરે અને મહાવ્રત પણ પાળે, પરંતુ આત્મજ્ઞાન વગર જીવ મોક્ષ પામતો નથી, ને ઘણાં કર્મો ઉપાર્જે છે.

મોક્ષને માટે આવા આત્મસ્વરૂપના જ્ઞાન સિવાય બીજો કોઈ ઈલાજ ત્રણકાળ ત્રણલોકમાં નથી, તેથી કવિ પોતાને સંબોધન કરીને કહે છે કે हे द्यानत! પોતાના સ્વાર્થ માટે, એટલે કે આત્મહિત માટે તું આવા આત્મસ્વરૂપને જાણ.....કે જે તારા ઘટમાં જ બિરાજે છે.

(ઉપરના અર્થવાળું અધ્યાત્મપદ પં. શ્રી દ્યાનતરાયજીએ બનાવેલું છે, તે પદ અહીં આપવામાં આવ્યું છે-)

**આતમ રૂપ અનુપમ હૈ ઘટ માંહિ વિરાજૈ।**
**જાકે સુમરન જાપ સો, ભવ ભવ દુખ ભાજૈ હો ।। આતમ૦ ।।૧।।**
**કેવલ દરશન જ્ઞાન મૈં, થિરતા પદ છાજૈ હો।**
**ઉપમાકો તિહું લોક મેં કોઉ વસ્તુ ન રાજૈ હો।। આતમ૦ ।। ૨।।**
**સહૈ પરીષહ ભાર જો, જુ મહાવ્રત સાજૈ હો ।**
**જ્ઞાન બિના શિવ ના લહૈ, બહુ કર્મ ઉપાજૈ હો।। આતમ૦ ।। ૩।।**
**તિહૂં લોક તિહૂં કાલ મેં નહિ ઔર ઈલાજૈં હો।**
**દ્યાનત તાકો જાનિયે, નિજ સ્વારથ કાજૈ હો।। આતમ૦ ।। ૪।।**

આસો સુધીનું
લવાજમ
બે રૂપિયા

વીર સં. ૨૪૯૫
પ્રથમ અષાઢ

વર્ષ: ૨૬ અંક ૯

# “હું જન્મને જાણું નહીં સુખથી ભરેલો શિવ છું.”

જેઠ સુદ ૧૨ ના રોજ જ્યારે ગુરુદેવ સીમંધરનાથના દર્શન કરવા આવ્યા, ને એકચિત્તે દર્શન કરતા હતા ત્યારે મધુર શબ્દો કાને પડયા કે- ‘હું જન્મને જાણું નહીં......’સાંભળતાં ચમકીને તેમાં ધ્યાન આપ્યું, ત્યાં વિશેષપણે જાણે ચૈતન્યનું મધુરગીતગૂંજન થતું હોય તેમ સંભળાયું કે ‘સુખથી ભરેલો શિવ છું.’

સીમંધરપ્રભુની પૂજા ચાલી રહી હતી. તેમાં આ આત્મરસ-ભીની કડી ભાવભીનાચિત્તે બોલાતી હતી-

“વિમુક્ત છું, નિવૃત્ત છું, હું સિદ્ધ છું ને બ્રહ્મ છું;
હું જન્મને જાણું નહીં, સુખથી ભરેલો શિવ છું.”

એ સાંભળ્યા પછી એક કલાક સુધી ગુરુદેવને અંદરમાં એની જ ધૂન ચાલી; ને પ્રવચનની શરૂઆતમાં જ શુદ્ધાત્માના વર્ણન સાથે ખૂબ ભાવથી ગાયું કે-

“હું જન્મને જાણું નહીં, સુખથી ભરેલો શિવ છું.”

સભા સ્તબ્ધપણે સાંભળી રહી. ગુરુદેવે કહ્યું: ‘હું જન્મને જાણું નહીં’- હું જ્ઞાનાનંદશવરૂપ આત્મા, મારામાં પરભાવ નથી, મને જન્મ-મરણ નથી; અવિનાશી સ્વરૂપ હું આત્મા સુખથી ભરેલો શિવ છું એટલે કલ્યાણરૂપ છું. આવા આત્માને લક્ષમાં લેવો તે ભગવાનની ખરી પૂજા-સ્તુતિ છે.

ફરી ફરીને ગુરુદેવ કહે છે કે ‘અહા ! હું તો આનંદથી ભરેલો ચૈતન્યપિંડ છું; આનંદના ધામમાં જન્મ મરણ કેવા ? હું જન્મને જાણતો નથી, જન્મરહિત એવો મારો સુખથી ભરેલો આત્મા તેને હું જાણું છું.’ આવા આત્માની ભાવના કરવા જેવી છે.

# શુદ્ધ ઉપયોગરૂપ પરિણમેલો ધ્રુવઆત્મા જ અનુભવ કરવા યોગ્ય છે

**પ્રવચનસાર ગા. ૧૯૧-૧૯૨-૧૯૩-૧૯૪ માં પરથી વિભક્ત શુદ્ધઆત્મા બતાવીને, મોહના ક્ષય માટે-તેની ભાવના-તેની ઉપલબ્ધિ-તેનો અનુભવ-તેનું ધ્યાન કરવાનું કહ્યું છે. તેનો સાર અહીં આપ્યો છે.**

જ્ઞેય એવા સમસ્ત તત્ત્વોમાં સ્વ શું અને પર શું? એની ભેદજ્ઞાન દ્વારા જેણે યથાર્થ વહેંચણી કરી છે તે જીવને તેનું ફળ શું આવે છે? તે અહીં બતાવે છે.

પ્રથમ તો, નિશ્ચયનયવડે સમસ્ત પર દ્રવ્યોથી ભિન્ન એવા પોતાના શુદ્ધ દ્રવ્યને જ્ઞાનદર્શનમય જાણવું જોઈએ. જે જીવ એવા શુદ્ધ દ્રવ્યને નથી જાણતો, અને અશુદ્ધ ભેળસેળવાળા દ્રવ્યનું કથન કરનારા એવા વ્યવહારનયથી વિમોહીત થઈને શરીર–ધન વગેરેને પોતાનું માનીને મમત્વ કરે છે તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે અને શ્રામણ્યના માર્ગને તેણે દૂરથી જ છોડી દીધો છે, મોક્ષના માર્ગથી વિરુદ્ધ એવા ઉન્માર્ગમાં તે વર્તે છે. શુદ્ધનયવડે સ્વ–પરનું યથાર્થ ભેદજ્ઞાન કરીને શુદ્ધ આત્માને અનુભવવો તે જ મુનિપણાનો માર્ગ છે.

શુદ્ધનયવડે સ્વ–પરની અત્યંત ભિન્નતા જાણીને, ‘શુદ્ધ જ્ઞાન જ એક હું છું’ એમ જેણે અનુભવ્યું છે, અને શરીરાદિ પરદ્રવ્યો સાથેના સ્વ–સ્વામીપણાના સંબંધને સર્વથા ખંખેરી નાખ્યો છે, તેને જ પોતાના આત્મસ્વભાવમાં એકાગ્રતારૂપ ધ્યાન વડે શુદ્ધાત્મપણું હોય છે; ને તે જ મોક્ષમાર્ગ છે. માટે આવો શુદ્ધાત્મા જ અનુભવમાં લેવા યોગ્ય છે; અને એના અનુભવના ફળમાં પરમ મોક્ષસુખ પ્રાપ્ત થાય છે.

શરીરાદિને વ્યવહારથી એટલે કે અશુદ્ધનયથી આત્માના કહ્યા ત્યાં તે વ્યવહારમાં જ મોહિત થયેલો અજ્ઞાની શરીર તે મારું ને હું તેનો સ્વામી, હું તેનો કર્તા–એમ માની બેઠો. અને તેની જ ઉપલબ્ધિમાં રોકાઈ ગયો. કેમકે જેને પોતાનું માને તેની જ ઉપલબ્ધિમાં રોકાય. જ્ઞાની તો જાણે છે કે મારે માટે સદા રહેનાર એવો મારો શુદ્ધઆત્મા જ ધ્રુવ છે, ને તેથી તે જ અનુભવમાં લેવા યોગ્ય છે. શુદ્ધ ઉપયોગરૂપે પરિણમેલો એવો મારો ધ્રુવઆત્મા જ મારે અનુભવવા યોગ્ય છે, એના સિવાયનું બીજું બધું મારામાં અસત્ છે. સંયોગરૂપે તે ભલે હો, પણ હું તેને મારાપણે જરા પણ અનુભવતો નથી.

ધર્મી જાણે છે કે હું જ્ઞાનાત્મક છું, દર્શનસ્વરૂપ છું, અતીન્દ્રિય મહાન પદાર્થ છું, ધ્રુવ છું, અચળ છું અને શુદ્ધ છું. –આવા મારા આત્માને જ હું અનુભવું છું.

શુદ્ધ આત્મા સત્ અને અહેતુક છે, તેના સ્વભાવની સત્તામાં કોઈ હેતુ નથી, સ્વતઃ સિદ્ધ અનાદિઅનંત સત્ છે. આવો શુદ્ધઆત્મા જ આત્માને ધ્રુવ છે, બીજું કાંઈ આ આત્માને માટે ધ્રુવ નથી. સંયોગો તો બધા અધ્રુવ છે, ને પરતઃસિદ્ધ છે. કેમકે કર્મોદય વગેરે બાહ્ય કારણો વડે સંયોગ આવે છે, તે કાંઈ આત્મા સાથે કાયમ રહેનારા નથી એટલે ધ્રુવ નથી. શુદ્ધ આત્મા જ ધ્રુવ છે, ને તેથી તે જ ઉપલબ્ધ કરવા યોગ્ય છે, તે જ શ્રદ્ધા–જ્ઞાન–રમણતા કરવા યોગ્ય છે. અધ્રુવ એવા અન્ય સંયોગથી શું પ્રયોજન છે? જુઓ, અહીં સંયોગને અધ્રુવ કહેતાં તેમાં પાપ અને પુણ્ય બંનેનું ફળ આવી ગયું, પુણ્યનું ફળ પણ અધ્રુવ છે. સમવસરણનો સંયોગ પણ આત્માને માટે અધ્રુવ છે. તેના આશ્રયે કલ્યાણ થતું નથી. પોતાના ધ્રુવ આત્માના આશ્રયે જ કલ્યાણ થાય છે, કેમકે તે શુદ્ધ છે.

આત્માને શુદ્ધપણાને કારણે ધ્રુવપણું કહ્યું; હવે તેને શુદ્ધપણું કેમ છે? તો કહે છે કે એકપણું હોવાથી તેને શુદ્ધપણું છે. પરથી ભિન્નપણું અને સ્વથી અભિન્નપણું–એવા એકત્વને લીધે આત્માને શુદ્ધતા છે ને શુદ્ધતા હોવાથી ધ્રુવતા છે, ધ્રુવતા હોવાથી તે જ આશ્રય કરવા યોગ્ય છે. તેના જ આશ્રયે પરમ સુખનો અનુભવ થાય છે.

* ધ્રુવપણાને લીધે આશ્રય કરવા યોગ્ય કહ્યો.

* શુદ્ધપણાને કારણે ધ્રુવ કહ્યો.

*એકપણાને કારણે શુદ્ધ કહ્યો.

* હવે તે એકપણું પાંચ બોલથી બતાવે છે–

૧– જ્ઞાનાત્મકપણાને લીધે,

૨– દર્શનભૂતપણાને લીધે,

૩– અતીન્દ્રિય મહા પદાર્થપણાને લીધે,

૪– અચળપણાને લીધે, અને

૫– નિરાલંબનપણાને લીધે આત્માને એકપણું છે.

જુઓ, આ પાંચબોલથી આત્માનું એકપણું બતાવ્યું. આત્માને આવું એકપણું હોવાથી શુદ્ધપણું છે, શુદ્ધપણું હોવાથી ધ્રુવપણું છે, ધ્રુવપણું હોવાથી તે આશ્રય લેવા યોગ્ય છે–અનુભવ કરવાયોગ્ય છે; તેના અનુભવથી મોહનો ક્ષય થઈને વીતરાગી પરમ સુખ થાય છે–જુઓ, આ મોક્ષની રીત!

* જ્ઞાનદર્શન સ્વરૂપ આ આત્માને, જેઓ જ્ઞાન સાથે તન્મય નથી એવા પર દ્રવ્યોથી વિભાગ છે–જુદાઈ છે, અને જ્ઞાનાદિ સ્વધર્મોથી અવિભાગ છે–એકતા છે, તેથી તેને એકપણું છે. પરથી ભિન્નતા ને સ્વમાં એકતા–આવા આત્માને શુદ્ધતા છે, ને તે જ ધ્રુવપણે ઉપાદેય છે.

* પાંચ ઇન્દ્રિયો વડે તો સ્પર્શાદિ એકેક વિષયોનું ગ્રહણ થાય છે, ઇન્દ્રિયો આત્માનું સ્વ–રૂપ નથી; તે ઇન્દ્રિયોથી પાર આત્મા પોતાની મહાન ચૈતન્યશક્તિ વડે એક સાથે સમસ્ત પદાર્થોને જાણનારો મહાન પદાર્થ છે. આવો એક સત્ મહાન ચૈતન્ય પદાર્થ હોવાથી તેને જડ ઇન્દ્રિયોથી જુદાઈ છે, ને જ્ઞાનરૂપ સ્વધર્મથી એકતા છે.–આ રીતે આત્માને એકપણું છે. અને આવા એકપણાના અનુભવથી શુદ્ધઆત્માનો અનુભવ થાય છે.

* જ્ઞેયરૂપ પર્યાયો ક્ષણે ક્ષણે વિનાશ પામે છે, તે ક્ષણિક જ્ઞેય પર્યાયોને આત્મા જાણે છે પણ તેમને તે ગ્રહતો કે છોડતો નથી, તે તો જ્ઞેયોથી ભિન્ન પોતાના જ્ઞાનમાં જ તન્મયપણે અચળ રહે છે; આ રીતે પરજ્ઞેયોથી ભિન્નતા અને જ્ઞાનરૂપ સ્વધર્મોથી અભિન્નતા હોવાથી આત્માને એકપણું છે. અનેક જ્ઞેયોને જાણતાં પોતે તે જ્ઞેયોના પ્રવાહમાં તણાઈ જતો નથી, જ્ઞેયોને જાણતાં તેમાં તે ભળી જતો નથી, તે તો પોતાના જ્ઞાનપ્રવાહમાં જ એકપણે વર્તે છે. આવા એકપણાને લીધે આત્માને શુદ્ધપણું છે.

આત્માથી ભિન્ન એવા જે શાશ્વત જડ–ચેતન જ્ઞેય દ્રવ્યો જગતમાં અનંત છે, તે જ્ઞેયદ્રવ્યોનું આલંબન જ્ઞાનને નથી, આત્માના જ્ઞાનનો પ્રવાહ તે જ્ઞેયોમાંથી નથી આવતો. તે જ્ઞેયોથી તો જ્ઞાન જુદું છે, જ્ઞાનનો પ્રવાહ આત્મામાંથી આવે છે. આત્માના અવલંબને પ્રગટેલી જે જ્ઞાનપર્યાય તે સ્વધર્મ છે, ને તે સ્વધર્મથી આત્માને અભિન્નપણું છે; આ રીતે પરદ્રવ્યના ધર્મોથી ભિન્નપણું ને સ્વધર્મોથી અભિન્નપણું હોવાથી આત્માને એકપણું છે.

જુઓ, પાંચબોલ વડે અસ્તિ–નાસ્તિથી આત્માનું એકત્વસ્વરૂપ બતાવ્યું છે. આવું એકત્વ હોવાથી આત્મા શુદ્ધ છે.

અહો; મારા જ્ઞાનધર્મમાં મને પરજ્ઞેયોનું આલંબન નથી, ઇન્દ્રિયોનું આલંબન નથી; મારા જ્ઞાનસ્વભાવનું મને આલંબન છે. શુદ્ધ અને ધ્રુવ એવા મારા આત્માનું જ મને આલંબન છે–એમ ધર્મી જાણે છે. ને જે આવું નિજસ્વરૂપ છે તેને જ મોહનો ક્ષય થાય છે.

આ રીતે શુદ્ધનય પરદ્રવ્યોથી વિભક્ત અને સ્વધર્મોથી અવિભક્ત એવા શુદ્ધઆત્માનું સ્વરૂપ બતાવે છે. આવો શુદ્ધઆત્મા ધ્રુવ હોવાથી તે ઉપલબ્ધ કરવા યોગ્ય છે, તે અનુભવમાં લેવા યોગ્ય છે. આત્માને જગતના કોઈ પદાર્થોનો સંયોગ ધ્રુવ રહેતો નથી, પોતાનો જ્ઞાનસ્વરૂપ આત્મા જ ધ્રુવ રહે છે, તેનો કદી વિયોગ નથી; માટે તે જ એક આશ્રય કરવા જેવો છે. બીજા પદાર્થોનો સંબંધ તો વૃક્ષની છાયા સમાન અસ્થિર છે, અધ્રુવ છે. જેમ રસ્તે ચાલ્યા જતા મુસાફરને માર્ગમાં અનેક વૃક્ષોની છાયાનો સંસર્ગ થાય છે, પણ તે છાયા કાંઈ મુસાફરના ભેગી નથી આવતી, છાયા નવી નવી બદલે છે ને મુસાફર તો એકનો એક રહે છે; મુસાફર તે છાયાનો જ આશ્રય સમજીને ઊભો રહે તો તે ધારેલા સ્થળે પહોંચી ન શકે. મુસાફરને ઝાડની છાયાનો આશ્રય નથી. તેમ મોક્ષનો પ્રવાસી એવો આ આત્મા, તેને વચ્ચે રસ્તામાં ઝાડની છાયા જેવા શરીરાદિના અનેક સંયોગો આવે છે, પણ ધર્મી તેને ઉપલબ્ધ કરતો નથી, તેને પરદ્રવ્ય જાણે છે, તેનાથી ભિન્ન પોતાનું સ્વરૂપ જાણીને તેનો જ આશ્રય કરે છે. ધ્રુવ એવો શુદ્ધઆત્મા એક જ મોક્ષાર્થી જીવનું શરણ છે, બીજું કોઈ શરણ નથી.

જેમ મધદરિયે એક વહાણ ચાલ્યું જતું હોય, તે વહાણ ઉપર બેઠેલા પંખીને દરિયા વચ્ચે તે વહાણ સિવાય બીજું કોઈ શરણ નથી, તે પંખી ઊડી ઊડીને ફરી

પાછું વહાણ ઉપર જ આવીને બેસે છે. તેમ મધદરિયા જેવો આ સંસારસમુદ્ર, તેમાં જીવને પોતાના ધ્રુવ શુદ્ધ સ્વભાવ સિવાય અન્ય કોઈ શરણરૂપ નથી, બધા સંયોગો અધ્રુવ અને ભિન્ન છે. આવી ભિન્નતા જાણતો ધર્મી પોતાના સ્વભાવનું જ અવલંબન લ્યે છે; ફરી ફરીને તેની પરિણતિ પોતાના સ્વરૂપની સન્મુખ થાય છે. કોઈ શુભાશુભ કર્મોદયઅનુસાર લક્ષ્મી–શરીર–અનૂકુળ–પ્રતિકૂળસંયોગો હો ભલે, પણ ધર્મી તેને પોતાથી અત્યંત ભિન્ન જ દેખે છે; પોતાને તો જ્ઞાનદર્શનસ્વરૂપ અતીન્દ્રિય મહાન પદાર્થ તરીકે પોતામાં અનુભવે છે. –આવા આત્માનો અનુભવ કરે તેને જ મોહનો નાશ થાય, ને તેને જ મુનિપણું તથા કેવળજ્ઞાન અને પરમસુખ પ્રગટે.

## આત્માનું સુખ

આત્માના સ્વભાવમાં સહજ સુખ છે. બહારમાં આનંદ ન હોવા છતાં કલ્પનાથી તેમાં જે આનંદ માને છે–તે પોતે આનંદશવરૂપ છે. પોતાનો આનંદ પોતામાં ભર્યો છે પણ પોતાના આનંદને ભૂલ્યો એટલે તેનો આરોપ બીજામાં કર્યો કે ‘આમાં મારો આનંદ છે.’ –પણ એ આરોપ મિથ્યા છે–ખોટો છે.

‘પરમાં મારું સુખ’ –એનો અર્થ એ થયો કે આત્મા અહીં ને તેનું સુખ કયાંક બીજે, એટલે આત્મા અને સુખ બંને જુદા જ ઠર્યા; સુખ તે આત્માનો સ્વભાવ ન રહ્યો! પણ ભાઈ, એવો (સુખ વગરનો) આત્મા ન હોય. આત્મા તો સુખસ્વરૂપ છે. આત્મા આનંદથી ખાલી નથી, આત્મા પોતાના આનંદથી ભરેલો છે. એનું ભાન કરતાં આનંદના સ્વાદનું વેદન થાય છે.

# અધ્યાત્મસંત શ્રી કાનજીસ્વામી

## સંક્ષિપ્ત જીવનપરિચય ભાગ-૪

( લે. બ્ર. હરિલાલ જૈન )

પૂ. શ્રી કહાનગુરુના પવિત્ર જીવનનું આપણે અવલોકન કરી રહ્યા છીએ. વિક્રમ સં. ૧૯૪૬ માં ઉમરાળામાં જન્મ, સ્થાનકવાસીનું મુનિપણું, પછી તે છોડીને પરિવર્તન દ્વારા સત્પંથે પ્રયાણ અને દિગંબર જૈનધર્મની મહાન પ્રભાવના, સમ્મેદશિખરજી-બાહુબલી-પોન્નુર-કુંદાદ્રિ-ગિરનાર વગેરેના યાપાપ્રસંગો, જિનબિંબ-પ્રતિષ્ઠાઓ, મુંબઈમાં હીરકજયંતી, સોનગઢમાં અનેક પ્રભાવશાળી પ્રસંગો, ને છેલ્લે સં. ૨૦૨૩ માં બયાના શહેરમાં સીમંધરપ્રભુની સન્મુખ આનંદકારી જાહેરાત, એ બધાનું વિવેચન આપે આત્મધર્મના છેલ્લા બે અંકો નં. ( ૩૦૭-૩૦૮ ) માં વાંચ્યું. બાકીનો ભાગ આ અંકમાં પૂરો થાય છે. ( સં. )

### ૯ કુમારિકા બહેનોની બ્રહ્મચર્યપ્રતિજ્ઞા

આત્માની સ્વાનુભૂતિમાં વેદાતા અધ્યાત્મરસનું જ પવિત્ર ઝરણું ગુરુદેવ વહેવડાવી રહ્યા છે તે અધ્યાત્મરસની પાસે સંસારનો રસ ક્યાંથી ટકી શકે? અમૃત પાસે ઝેર ક્યાંથી ટકી શકે? એટલે ગુરુવાણીમાં એ અધ્યાત્મરસનું શ્રવણ કરતાં કરતાં સંસારથી વિરક્ત થઈ, સંતોની શીતલ છાયામાં રહી એ અધ્યાત્મરસનો સ્વાદ લેવા માટે સં. ૨૦૨૩ ના શ્રાવણ વદ એકમે નાની ઉંમરની નવ કુમારિકા બહેનોએ એકી સાથે બ્રહ્મચર્ય–પ્રતિજ્ઞા લીધી. પહેલાં ૬ પછી ૧૪ પછી ૮ અને પછી ૯ બહેનોની સમૂહપ્રતિજ્ઞાનો આ ચોથો પ્રસંગ બન્યો; તે ઉપરાંત પરચુરણ મળીને બાલબ્રહ્મચારી બહેનોની કુલ સંખ્યા પચાસ જેટલી થઈ, –જેમાં માત્ર ગુજરાતી જ નહિ પરંતુ દૂરદૂરના

હિન્દી બહેનો પણ અનેક છે. આ પ્રસંગે ઉત્સવ જેવું અનેરું વાતાવરણ હતું, ને વળી બીજે જ દિવસે ‘બીજ’ હતી. પરમવત્સલ પૂ. બેનશ્રીબેનના પ્રતાપે પચાસ બહેનોનું કેવું ઉત્તમ જીવનઘડતર થઈ રહ્યું છે ને આત્મહિત માટે કેવી ઉત્તમ પ્રેરણાઓ મળી રહી છે તે તો નજરે જોનારને ખ્યાલ આવે. ગુરુદેવનો અધ્યાત્મઉપદેશ મુમુક્ષુના અંતરમાં જે વૈરાગ્યબીજ રોપે છે. તેને વાત્સલ્યનાં પાણી પાઈને માતાજી ઉછેરે છે......ને સંતોના પ્રતાપે ઊગેલું એ વૈરાગ્યનું ઝાડ સમ્યક્ત્વાદિ મધુરાં ફળ આપનારું છે.

## ‘સમયસાર’ અને ‘જ્ઞાનચેતના’

સં. ૧૯૭૮ માં સમયસાર હાથમાં આવ્યું ત્યારે ગુરુદેવના પહેલા ઉદ્ગાર આ હતા કે ‘આ શાસ્ત્ર અશરીરીભાવ બતાવનારું છે; અશરીરી એવા સિદ્ધપદનો માર્ગ આમાં બતાવ્યો છે.

અને, સં ૧૯૯૨ માં પણ સ્વાનુભવની ને જ્ઞાનચેતનાની જે અત્યંત મહત્ત્વની ચર્ચા થયેલી તે પ્રસંગ યાદ કરીને કોઈકવાર પ્રસન્નતાથી ગંભીરભાવે જ્યારે ગુરુદેવ સંભળાવે છે ત્યારે જિજ્ઞાસુના રોમરોમ પુલકિત થઈને જ્ઞાનીના સ્વાનુભવ પ્રત્યે ઉલ્લસી જાય છે. જ્ઞાનીની ‘જ્ઞાનચેતના’ કેવી હોય? ને તેનું કાર્ય શું? તેનું સ્વાનુભવસહિત વર્ણન લક્ષગત કરતાં મુમુક્ષુના અંતરમાં કોઈ અપૂર્વ ભેદજ્ઞાનની ઝણઝણાટી જાગી જાય છે. (એના નમૂના માટે જુઓ આત્મધર્મ નં. ૨૯૮)

## ‘જ્યાં અમે ત્યાં તમે’

સં. ૧૯૯૧ પહેલાં, જ્યારે ગુરુદેવ સંપ્રદાય છોડીને પરિવર્તનની વિચારણામાં હતા, નિવૃત્ત થઈને ક્યાંક એકાંતમાં રહેવા ચાહતા હતા, તે વખતે બંને બહેનોએ એમ પૂછયું કે– ‘ગુરુદેવ! અમારું શું?’ ત્યારે ગુરુદેવે કહ્યું– ‘જ્યાં અમે ત્યાં તમે’ અહા, ઠેઠ સિદ્ધપદ સુધીના સાથીદાર એવા ગુરુદેવના મુખથી ‘જ્યાં અમે ત્યાં તમે’ એ સાંભળીને બંને બહેનોને અસંખ્ય પ્રદેશે જે આહ્લાદ થયેલો તેની અસર આજે પાંત્રીસવર્ષ પછી પણ તેમની વાણીમાં દેખાય છે. આવા તો બીજા ઘણાય આનંદપ્રસંગો ગુરુદેવના પ્રતાપે બનેલા છે.

અગાઉ જેનો ઉલ્લેખ થઈ ગયો છે તે સરસ્વતી ભવનના ઉદ્ઘાટન–પ્રસંગે સોનગઢ પહેલી જ વાર આવેલા જૈનસમાજના નેતા શાહૂ શાંતિપ્રસાદજી શાંત અધ્યાત્મ–

વાતાવરણમાં પ્રસન્ન થઈને એમ બોલ્યા કે–મુઝે યહ પવિત્ર તીર્થસ્થાનમેં આકર બડી પ્રસન્નતા હૂઈ, આજ જૈસે હમલોગ ભગવાન કુંદકુંદશવામીકા નામ મંગલરૂપમેં લેતે હૈં વૈસે ભવિષ્યકી પેઢીકે લોગ આપકા ( કાનજી સ્વામીકા ) નામ લેતે રહેગેં.'

સં. ૨૦૨૪ નું વર્ષ તે 'આત્મધર્મની રજતજયંતી' નું વર્ષ હતું. સં. ૨૦૦૦માં શરૂ થયેલું આ માસિક સં. ૨૦૨૪ માં પચીસ વર્ષ પૂરા કરતું હતું; આત્મધર્મ દ્વારા ગુરુદેવની વાણી ઘરે ઘરે જિજ્ઞાસુઓ અત્યંત પ્રેમથી વાંચે છે. રજતજયંતીના વર્ષમાં ગુરુદેવના વિશેષ આશીર્વાદ મળ્યા, સાથે સાથે આ વર્ષમાં જ શ્રીમદ્રાજચંદ્રજીની જન્મશતાબ્દિનો પણ ઉત્સવ હતો તેથી તેમનાં સારભૂત ઉત્તમ વચનામૃતોનું દોહન કરીને આત્મધર્મ દ્વારા તેનો ખૂબ પ્રચાર કરવામાં આવ્યો. પં. ટોડરમલ્લજીની દ્વિશતાબ્દિનો ઉત્સવ પણ આ જ વર્ષમાં ઉજવાયો ને તેના પ્રચારમાં પણ ખાસ વિશેષાંકદ્વારા મહત્ત્વનો ફાળો આપ્યો. આફ્રિકામાં પણ આપણા જિજ્ઞાસુઓએ 'શ્રીમદ્રાજચંદ્રસ્મૃતિગૃહ' બંધાવેલું છે. આફ્રિકામાં એક મુમુક્ષુભાઈને ત્યાં લગ્નપ્રસંગે ચાર હજાર ધાર્મિક પુસ્તકો સોનગઢથી મંગાવીને લાણી કરવામાં આવી હતી, ને જૈનવિધિ–અનુસાર લગ્ન થયા હતા. ગુરુદેવના ઉપદેશનો થોડક પણ લક્ષગત કરતાં કુદેવ–કુગુરુ–કુધર્મનું સેવન તો મુમુક્ષુના હૃદયમાંથી જડમૂળથી ઊખડી જાય છે, અને વીતરાગી દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે કોઈ અનેરી ભક્તિનો ઉમંગ જાગે છે. આ તો ધર્મનો એકડો લખવા માટેની કોરી પાટી છે. –એકડો તો હજી એનાથી આઘો છે.

ગુરુદેવ પાસે કોઈ હસ્તાક્ષર માગે તો સામાન્યપણે "ૐ" લખી આપે છે. એક ભાઈએ હસ્તાક્ષર માંગ્યા, ૐ લખી આપ્યો, તે ભાઈ કાંઈ સમજ્યા નહિ એટલે કહ્યું કે આપનું નામ લખી આપો. –ત્યારે ગુરુદેવ કહે કે આ ૐ છે તે સર્વજ્ઞભગવાનની વાણી છે; એ જ અમારું નામ છે ને એ જ અમારું ધામ છે. ૐ એટલે શુદ્ધઆત્મા. ( જે દિવસે આ વાત થઈ તે દિ' ફાગણ વદ એકમ હતી, સોનગઢમાં જ્યાં ગુરુદેવ બિરાજે છે ત્યાં ૐ ની સ્થાપના તે દિવસે જ થયેલી છે.

સં. ૨૦૨૪ માં ફાગણ સુદ ત્રીજે ગુરુદેવે સૌરાષ્ટ્રમાં વિહાર માટે સોનગઢથી મંગલપ્રસ્થાન કર્યું; લાઠી થઈને રાજકોટ પધાર્યા, પછી વડાલથી સાંજે નેમપ્રભુની સાધનાભૂમિ ગિરનાર તીર્થધામના દર્શન કરી આવ્યા; ત્યાંથી પોરબંદર, જેતપુર, ગોંડલ, વડીયા, મોરબી, વવાણીયા, ચૈત્ર સુદ તેરસે વાંકાનેર, ચોટીલા, સુરેન્દ્રનગર, વઢવાણ,

જોરાવરનગર થઈને વીંછીયા પધાર્યા. જ્યાં ૐકારના અવ્યક્ત ભણકાર આવ્યા એવા આ ગામમાં ૭૮મી જન્મજયંતીનો મહોત્સવ ઉજવાયો. વીંછીયાનું જિનમંદિર એટલે સોનગઢના જૂના જિનમંદિરની જ પ્રતિકૃતિ. અત્યારે તો સોનગઢનું જિનાલય ૭૫ ફૂટ ઊંચે ધર્મધ્વજ ફરકાવી રહ્યું છે પણ પંદર વર્ષ પહેલાં જે ઘુમ્મટવાળું ૩૭ ફૂટ ઊંચુ જિનાલય હતું તે જોવું હોય તો વીંછીયાનું જિનાલય જોઈ લ્યો. વીંછીયામાં જન્મોત્સવ પછી તરત ગુરુદેવ જન્મધામમાં–ઉમરાળા પધાર્યા.

જન્મઘરમાં ગુરુદેવને બીજા અનેક સંભારણાંની સાથે પોતાની 'બા' નું પણ સ્મરણ થયું. રમી કરીને રાતે ઘરે આવે ત્યારે બારણું ઉઘડાવવા 'બા' કહીને સાદ પાડતા, વગેરે પ્રસંગ ગુરુદેવે કહ્યા. માતા તે માતા! માતાનાં વાત્સલ્યભર્યાં સંભારણાં જ એવાં હોય છે કે તે યાદ આવતાં પુત્રનું હૈયું રોમાંચ અનુભવે છે. ૪૭ વર્ષ પહેલાં, એટલે કે ૩૩ વર્ષની વયે (સં. ૧૯૭૮માં) ગુરુદેવને ૐકારના ભણકારા આ ઉમરાળામાં પણ આવ્યા હતા; (સૌથી પહેલાં ભણકાર વાંકાનેરના ઉપાશ્રયમાં સં. ૧૯૭૭ માં આવેલા) થોડા જ વર્ષો પહેલાં સાક્ષાત્ સાંભળેલી એ તીર્થંકરવાણીના બડબડીયાં આત્મામાં બોલતા હોવાથી ગુરુદેવને એ જિનવાણી–અનુસાર માર્ગ સિવાય બીજા કોઈ માર્ગમાં ચેન પડતું ન હતું. અંતે જિનવાણી પ્રાપ્ત કરીને જગતમાં તે માર્ગ પ્રસિદ્ધ કર્યો. જન્મોત્સવ વખતે તો ઉમરાળાનગરી અયોધ્યાની બેનપણી જેવી લાગતી હતી. જન્મોત્સવ બાદ લીંબડી થઈને ગુરુદેવ વૈશાખ સુદ પૂનમે સોનગઢ પધાર્યા.

ગુરુદેવ સોનગઢમાં આવે એટલે અધ્યાત્મની ધૂન જામે. મુમુક્ષુઓ પણ પોતપોતાના પ્રયત્નમાં પરોવાઈ જાય. અધ્યાત્મની આનંદકારી ચર્ચાની કોઈ ધન્યપળે ગુરુદેવના ઉદ્ગાર નીકળ્યા કે 'જ્ઞાનની લીલી વાડીમાં આત્મા આનંદની રમત રમે છે.' આ ઉદ્ગારની સાથે ૩૫ વર્ષ પહેલાંની 'આત્મચર્ચા' પણ ગુરુદેવ ઘણા મહિમાપૂર્વક તાજી કરે છે....અને સાથે સાથે જ્ઞાનીઓનાં વિશિષ્ટ ઉદાહરણપૂર્વક આત્માને શોધવાની રીત બતાવે છે.

૨૦૨૪ ના શ્રાવણ વદ બીજે પ્રવચનસારશાસ્ત્રની નવી આવૃત્તિનું પ્રકાશન હતું; ઝરીભરેલું પુસ્તક પં. શ્રી હિંમતભાઈએ ગુરુદેવને અર્પણ કર્યું; આ દિવસે પૂ. ચંપાબેનનો જન્મદિવસ હોવાથી ગુરુદેવે અપાર વાત્સલ્યપૂર્વક કહ્યું કે 'આ પુસ્તક હું બેનને ભેટ આપું છું.'–વાહ, કેવો અદ્ભુતપ્રસંગ! ગુરુદેવદ્વારા અપાતી

જિનાગમની ભેટનું એ દ્રશ્ય દેખીને जयधवला નું એ કથન યાદ આવતું હતું કે જેમાં જિનવચનોને परमानन्द–पाहुड કહેલ છે, કેમકે તેના દ્વારા જિનભગવાને ભવ્યજીવોને માટે 'પરમ–આનંદ' ની ભેટ મોકલી છે. અહા, આવા આનંદને દેનારાને એ આનંદને લેનારા સન્તોને નજરે નીહાળતાં કેવો આનંદ થાય છે! ખરેખર, એ સન્તો આપણને પણ આનંદના દાતાર છે.

આજે મંગલમુરત તરીકે ગુરુદેવે પ્રવચનસારની પહેલી પાંચ ગાથા વાંચી; તેમાં પંચપરમેષ્ઠીને નમસ્કારરૂપ મુક્તિમંડપનાં મંગલવાજાં મુમુક્ષુને અનેરો આનંદ આપતાં હતા. –જાણે પંચપરમેષ્ઠી ભગવંતો જ સાક્ષાત્ પધાર્યા છે કે શું! ભેદ તોડી, પંચપરમેષ્ઠીની સાથે જ ભળીને તેમને નમસ્કાર કઇ રીતે કરાય? તે ગુરુદેવ સમજાવતા હતા....એ વખતના રણકાર હજીપણ આત્મપ્રદેશોમાં ઝણઝણે છે. ધન્ય હતો એ અવસર!

એકકોર પ્રવચનસારમાં પંચપરમેષ્ઠીની ધૂન, બીજી કોર સમયસાર ઉપર ૧૬મી વખતનાં પ્રવચનોના પ્રારંભમાં સિદ્ધપદની ધૂન, –જાણે સોનગઢમાં પંચપરમેષ્ઠીનો મોટો મેળો ભરાયો હોય એવું વાતાવરણ પ્રવચન વખતે વર્તતું હતું. ગુરુદેવ વારંવાર મહિમાથી કહે છે કે આ શાસ્ત્ર શુદ્ધાત્માનો અનુભવ કરાવીને ભવનો નાશ કરાવનારું છે; આત્માના અશરીરીભાવને બતાવનારું આ શાસ્ત્ર છે. સાધક કહે છે–અંતરમાં અમે અમારા ચિદાનંદશવભાવ તરફ ઝૂકીને સિદ્ધભગવાનનો સાથ લીધો છે; પરભાવથી હવે અમે ભિન્ન થયા છીએ, ને સિદ્ધાલયમાં અનંત સિદ્ધભગવંતોની પંક્તિમાં બેસવાના છીએ.-કેવી નિઃશંક વાણી! કેવા આત્મસ્પર્શી ભાવો! –જાણે દિવ્યધ્વનિની કોઈ મંગલવીણા વાગતી હોય! અત્યારે જ જાણે કુંદકુંદશવામી વિદેહમાંથી આવીને ત્યાંના અતીન્દ્રિય જ્ઞાન–આનંદનું સ્વરૂપ સમજાવતા હોય! (આરાધકભાવની ઝણઝણાટી બોલાવતા એ પ્રવચનોનું દોહન જ્યારે આત્મધર્મના અંક નં. ૩૦૦માં ગુરુદેવે વાંચ્યું ત્યારે તેમણે અતિશય આહ્લાદપૂર્વક પરમપ્રમોદ વ્યક્ત કર્યો હતો.)

સં. ૨૦૨૫ ના માગશર માસમાં ઘાટકોપરમાં, મલાડમાં તેમજ ભાવનગરમાં દિ. જૈન મંદિરનું શિલાન્યાસ થયું. ભાવનગરમાં શિલાન્યાસપ્રસંગે ગુરુદેવ પણ ત્યાં પધાર્યા હતા. આ જ અરસામાં ગિરનારસિદ્ધક્ષેત્રમાં માનસ્તંભજીનું શિલાન્યાસ થયું.

### અમદાવાદ-રણાસણ-મુંબઈ અને મક્ષીજીના મંગલ મહોત્સવ

સં. ૨૦૨૫ માં અમદાવાદ—રણાસણ તથા મુંબઈ (મલાડ તથા ઘાટકોપર) ના

જિનમંદિરોમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠાના ત્રણ મહોત્સવ નિમિત્તે, તેમજ મુંબઈમાં ૮૦ મી રત્નચિંતામણિ–જન્મજયંતીના મહોત્સવ નિમિત્તે ગુરુદેવે મહા વદ છઠ્ઠના રોજ સોનગઢથી મંગલ પ્રસ્થાન કર્યું. રાણપુર થઈને અમદાવાદ પધાર્યા. સવાલાખ જેટલા જૈનોથી શોભતું ગુજરાતનું આ પાટનગર જિનેન્દ્રદેવના પંચકલ્યાણકથી શોભી ઊઠયું. વિશાળ જિનબિંબની વીતરાગીપ્રભાથી ભવ્ય જિનાલય શોભી રહ્યું છે. નેમિપ્રભુનો એ જન્મકલ્યાણક ને દીક્ષા વગેરે અદ્‌ભુત પ્રસંગો દેખીને અમદાવાદની જનતા મુગ્ધ બની. અમદાવાદનું આ શિખરબદ્ધ જિનાલય ( ખાડિયા વિસ્તારમાં ) પાંચેક લાખ રૂા. ના ખર્ચે તૈયાર થયેલ છે. પાટનગરમાં આવા ભવ્ય જિનાલયથી ગુજરાત ગૌરવવન્તું બન્યું. આદિનાથભગવાનનું આ જિનાલય ફિરોજાબાદના જિનાલયને યાદ કરાવે છે. સવાલાખ જેટલા જૈનોથી ભરેલી આ નગરીનું અને જૈનસમાજનું ગૌરવ વધારનારી એક વાતનો ઉલ્લેખ કરવો જરૂરી છે કે, આઠ દિવસનો ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ દિગંબર જૈનસમાજનો હોવા છતાં, અમદાવાદના શ્વેતાંબર જૈનસમાજે અત્યંત મધ્યસ્થતા રાખીને તેમ જ શક્ય એટલો સહકાર આપીને આખા જૈનસમાજનું ગૌરવ વધાર્યું છે. જરાય વિખવાદ ફેલાય એવું પરસ્પર ક્યાંય બન્યું નથી. અમદાવાદ માટે આ શોભાની વાત છે; ને સારાય ભારતભરમાં આ પ્રકારે પરસ્પર બંધુત્વનું–સહકારનું વાતાવરણ ફેલાય તે હવે ભગવાનના અઢી હજારમા નિર્વાણોત્સવ પ્રસંગે અત્યંત જરૂરી છે. અમદાવાદનો પ્રતિષ્ઠા–મહોત્સવ અદ્‌ભુત હતો. ચાર–ચાર હાથી અને બીજા અનેક ઠાઠમાઠ સહિત જિનેન્દ્રદેવથી રથયાત્રા લાખો દર્શકોને આનંદ પમાડતી હતી. જિનમંદિરમાં વિશાળ કમળ ઉપર સવાપાંચ ફૂટ ઉન્નત પદ્માસને પ્રભુ આદીશ્વરદાદા બિરાજી રહ્યા છે, –જેમનો વીતરાગી વૈભવ મુમુક્ષુઓને મુગ્ધ કરે છે.

અમદાવાદના આનંદકારી ઉત્સવ બાદ દેહગામ, રખિયાલ, તલોદ, અને બામણવાડા થઈને મુનાઈ પધાર્યા, ત્યાં સ્વાધ્યાય મંદિરનું ઉદ્‌ઘાટન થયું ને આખા ગામની જનતાએ આનંદથી ઉત્સવ ઊજવ્યો. પછી ભીલોડા ગામમાં પ્રાચીન જિનાલયના આનંદપૂર્વક દર્શન–ભક્તિ કરીને ફાગણ સુદ ૧૧ ના રોજ રણાસણ ગામે પધાર્યા. નાના ગામમાં પણ મોટો પંચકલ્યાણક ઉત્સવ અમદાવાદ જેવો જ ઉજવાયો. માત્ર પાંચેક ઘર દિ. જૈનોના હોવા છતાં દોઢેક લાખ રૂા.ના ખર્ચે પણ શિખરથી સુશોભિત જિનાલય બંધાયું છે. ‘જંગલમાં મંગલ’ જેવો મહાન ઉત્સવ અહીં ઉજવાયો......આદિનાથપ્રભુના પંચકલ્યાણકથી રણાસણ જાણે અયોધ્યા બની ગયું હોય એવું શોભતું હતું. બે હજારની

વસ્તીવાળા ગામમાં વીસ હજાર જેટલા પ્રેક્ષકોનો મેળો ઊભરાયો હતો. અદ્‌ભુત હતો એ ઉત્સવ, ને ધન્ય બન્યું રણાસણ!

ફાગણ સુદ ત્રીજે હિંમતનગર આવ્યા ને ત્યાં અત્યંત ઉલ્લાસભરપૂર વાતાવરણ વચ્ચે જૈન સ્વાધ્યાય મંદિરનું ઉદ્‌ઘાટન ઈન્દોરના શેઠશ્રી રાજકુમારસિંહજીના હસ્તે થયું હતું. ત્યારબાદ નરસિંહપુરા–જહર, ફત્તેપુર તથા અમદાવાદ થઈને ફાગણ વદ દશમે સોનગઢ પધાર્યા. (વચ્ચે બરવાળા તથા સાવરકુંડલાના કાર્યક્રમો ઉધરસની તકલીફને કારણે સ્થગિત થયા.) સોનગઢના ઉપશાંત વાતાવરણમાં દશ દિવસ નિવૃત્તિથી રહીને ચૈત્ર સુદ પાંચમે ગુરુદેવ રાજકોટ પધાર્યા. ત્યાં ૯ દિવસ સુધી શ્રુતજ્ઞાનરૂપી અમૃત પીવડાવીને, સુરેન્દ્રનગર, અમદાવાદ, પાલેજ, સુરત, થાણા થઈને ચૈત્ર વદ ૧૧ના રોજ ગુરુદેવ મુંબઈ નગરીમાં પધાર્યા. પાલેજની ચિરપરિચિત ભૂમિમાં ચાર દિવસ દરમિયાન અનેક સંભારણાં ગુરુદેવે યાદ કર્યા. વિક્રમ સં. ૧૯૫૯ થી ૧૯૬૮ (લગભગ ૧૩ થી ૨૨ વર્ષની ઉમર) સુધી તેઓએ પાલેજની દુકાનમાં વેપાર કરેલો. શ્રુતધામ અંકલેશ્વર તેમજ શીતલધામ સજોદ પાલેજથી નજીકમાં (પચીસેક માઈલ) છે. એ શ્રુતધર મુનિવરો જ્યારે અંકલેશ્વર પધાર્યા હશે ત્યારે આ પાલેજની ભૂમિને પણ પાવન કરી હશે. કાસાના વનજંગલના વાતાવરણ વચ્ચે પણ મુંબઈથી ભાઈશ્રી મગનલાલ સુંદરજી તથા વજુભાઈ વગેરેએ આવીને ઉત્સવ જેવું વાતાવરણ ઊભું કરી દીધું હતું. અહીં ગુરુદેવે અત્યંત આહ્‌લાદકારી એક મંગલ સ્વપ્ન જોયું–જેમાં આકાશમાંથી સુંદર પરબિડિયા દ્વારા જાણે ભગવાનનો કોઈ સન્દેશ આવ્યો હોય કે મોક્ષની મંગલ વધામણી આવી હોય –એવો આનંદ થયો.

મુંબઈ પધારતાં ભવ્ય સ્વાગત થયું. આઝાદમેદાનમાં મહાવીરનગરની રચના થઈ. પચાસ ફૂટ ઊંચા મંડપના પ્રવેશદ્વારે ૨૪ ભગવંતોની હારમાળા આશીર્વાદ વરસાવતી હતી. હજારો માણસો હોંશેહોશે અધ્યાત્મસન્દેશ સાંભળતા. વૈશાખ સુદ એકમથી સાતમ સુધી જિનબિંબપ્રતિષ્ઠાનો ભવ્ય મહોત્સવ ઉજવાયો. વૈશાખ સુદ બીજે ગુરુદેવની ૮૦ મી જન્મજયંતી ‘રત્નચિંતામણિ–જન્મોત્સવ’ તરીકે ઉજવાઈ. ધન્ય બની મુંબઈ નગરી, ને ધન્ય બન્યા ત્યાંના ભક્તો! આ ચૈતન્યરત્નાકરને પોતાના કિનારે દેખીને મુંબઈનો રત્નાકર (દરિયો) પણ ઉલ્લસી–ઉલ્લસીને મધુર ગીતગૂંજન કરતો હતો. ગુરુદેવના જીવનપરિચયનું નવીન પુસ્તક આજે પ્રકાશિત થયું, –જે ચાંદીના સચિત્ર પૂંઠા સહિત ગુરુદેવને અર્પણ કરવામાં આવ્યું. સવારમાં મંગલ વધામણી

પછીના પ્રવચનમાં મોક્ષની કળા બતાવતાં ગુરુદેવે કહ્યું કે આ જ્ઞાયકસ્વરૂપ આત્મા મંગલ તત્ત્વ છે. આવા જ્ઞાયક આત્માને પરભાવોથી સંયુક્ત અનુભવવો તે સંસારનું બીજ છે; અને પરભાવોથી ભિન્ન શુદ્ધજ્ઞાયકતત્ત્વનો પ્રતિભાસ એટલે કે અનુભવ તે મોક્ષનું બીજ છે. જેને ભેદજ્ઞાનરૂપી આવી બીજ ઊગી તેને કેવળજ્ઞાનરૂપી પૂર્ણિમા થશે જ.

પ્રમુખશ્રી નવનીતલાલભાઈ ઝવેરી, શેઠશ્રી શ્રેયાંસપ્રસાદજી શાહૂ, શેઠશ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી, મિશ્રિલાલજી ગંગવાલ વગેરેએ ભાષણ દ્વારા શ્રદ્ધાંજલિ અને અભિનંદનની લાગણીઓ વ્યક્ત કરી, અને સવાલાખ રૂા. જેટલું જન્મજયંતી ફંડ થયું. આ રત્નચિંતામણિ જન્મોત્સવની યાદીમાં મુંબઈ મુમુક્ષુ મંડળ તરફથી પણ યોજનાઓ રજુ કરવામાં આવી–

(૧) સોનગઢમાં જિનાગમ–મંદિર બનાવવું,

(૨) ગુજરાતી–હિંદી ઉપરાંત અન્ય ભાષાઓમાં પણ સાહિત્ય–પ્રકાશન કરવું; (જૈનબાળપોથી અને સમ્યગ્દર્શન (પુસ્તક પહેલું) મરાઠીમાં પ્રકાશન કરીને વૈશાખ સુદ બીજે તેનું મૂરત થયું.)

(૩) મલાડમાં જૈન વિદ્યાર્થી ગૃહ બંધાવવું.

વૈશાખ સુદ પાંચમે, પંચકલ્યાણક ઉત્સવમાં ભગવાન શ્રી મહાવીરપ્રભુનો જન્મકલ્યાણક ઉત્સવ ઉજવાયો. બોરીબંદર સામેના મેરુ પર્વત ઉપર જન્માભિષેક થયો; હેલિકોપ્ટર–વિમાને પુષ્પવૃષ્ટિ કરી, મુંબઈને 'વૈશાલી–કુંડગ્રામ' થવાનું ભાગ્ય મળ્યું. દશ વર્ષમાં મુંબઈમાં આ બીજી વાર પંચકલ્યાણક થયા, અને કુલ ૧૦૦ જેટલા વીતરાગ–જિનબિંબોની પ્રતિષ્ઠા થઈ. મલાડમાં અઢી લાખ રૂા. ના ખર્ચે તૈયાર થયેલ જિનમંદિરમાં વૈશાખ સુદ સાતમે ભગવાન ૠષભદેવ તથા સીમંધરાદિ વીસ તીર્થંકર વગેરે ભગવંતોની મંગલપ્રતિષ્ઠા થઈ; એ જ રીતે ઘાટકોપરમાં પણ અઢી લાખ રૂા. ના ખર્ચે તૈયાર થયેલા જિનમંદિરમાં વૈશાખ સુદ આઠમે નેમિનાથભગવાન તથા ચોવીસતીર્થંકરભગવંતોની મંગલ પ્રતિષ્ઠા થઈ. બંને ઠેકાણે પ્રતિષ્ઠા વખતે સોનેરી પુષ્પવૃષ્ટિથી આકાશ પણ ઝગમગી ઊઠ્યું.

અમદાવાદની જેમ મુંબઈમાં પણ શ્વેતાંબર જૈનસમાજે અત્યંત મધ્યસ્થતાથી, માત્ર મધ્યસ્થતાથી નહિ પણ પ્રેમભાવથી બને તેટલો સહકાર આપ્યો. આ રીતે

પરસ્પરના સહયોગથી બંને સમાજે જૈનસમાજનું ગૌરવ વધાર્યું. પ્રતિષ્ઠા ઉત્સવ પછી ગુરુદેવ આઠ દિવસ મુંબઈમાં રહ્યા. તે દરમિયાન બોરિવલીમાં રાષ્ટ્રિય ઉદ્યાન સામે ભગવાન ઋષભદેવ તેમજ ભરત–બાહુબલી એ ત્રિપુટી–ભગવંતોની ૩૦ ફૂટ ઊંચી ખડ્ગાસન પ્રતિમાઓનું અવલોકન કરવા પણ ગયા હતા.

વૈશાખ વદ પાંચમે મુંબઈથી વિમાન દ્વારા ઈંદોર પધાર્યા; ૧૭૫ માઈલની ઝડપે ૧૨૦૦૦ ફૂટ ઊંચે આકાશમાં ઊડી રહેલા વિમાનમાં બેઠા બેઠા ગુરુદેવે હસ્તાક્ષર કર્યા કે– 'શુદ્ધજ્ઞાયકના અંતર્મુખ ઘોલનથી આત્માને આનંદ થાય છે–જે વચનાતીત છે.' ઈંદોરમાં તિલકનગરના જિનમંદિરમાં ગુરુદેવની ઉપસ્થિતિમાં બે જિનબિંબોની સ્થાપના થઈ. બીજા દિવસે મક્ષીજી પધાર્યા. મક્ષીજીના દિગંબર જિનમંદિરમાં ભગવાન પારસનાથની સવાપાંચ ફૂટ ઊંચી ભવ્ય પ્રતિમાની વેદીપ્રતિષ્ઠાનો ઉત્સવ થયો. –આ ઉત્સવમાં દશેક હજાર માણસોએ ભાગ લીધો અને સવાલાખ રૂા. જેટલી ઉપજ થઈ. ઉત્સવ બાદ મક્ષીજીથી ઈંદોર થઈને મુંબઈ આવ્યા; ને વૈશાખ વદ ૯ ની સવારે વિમાન દ્વારા મુંબઈથી પચાસ મિનિટમાં ભાવનગર આવીને, સોનગઢ પધાર્યા.....સુવર્ણધામમાં અધ્યાત્મની મેઘવર્ષા શરૂ થઈ.....આવો સાધર્મી બંધુઓ! આત્મજિજ્ઞાસારૂપી બીજને આ અધ્યાત્મરૂપી વર્ષાવડે સીંચન કરીએ અને આત્મામાં રત્નત્રયઅંકુરા પ્રગટાવીએ.

પૂ. ગુરુદેવની મંગલછાયામાં વસતાં ૨૬ વર્ષમાં અનેક પાવન પ્રસંગો નજરે નીહાળ્યા, અનેક ઉત્તમ પ્રસંગોનું વર્ણન ગુરુદેવના શ્રીમુખે સાંભળ્યું, –એમાંથી થોડું થોડું આત્મધર્મદ્વારા સાધર્મીઓ સમક્ષ રજુ કર્યું છે. તે જિજ્ઞાસુઓને ગમ્યું છે, અને તેના દ્વારા ગુરુદેવના જીવનનો સ્વાદ ચાખીને અનેક જિજ્ઞાસુબંધુઓએ ખૂબ જ પ્રમોદ વ્યક્ત કર્યો છે, તથા વિશેષ પ્રસંગો માટેની માંગણી કરી છે. વિશેષ પ્રસંગોનું સંકલન કરીને કોઈ યોગ્ય અવસરે પ્રગટ કરીશું.

ગુરુદેવના જીવનનો સ્વાદ ચાખવો હોય તો તેમના ચરણસાન્નિધ્યમાં વસવું એ શ્રેષ્ઠ ઉપાય છે. ગુરુદેવનું જીવન આપણને આત્મહિતનો ઉત્તમ આદર્શ આપે છે. જીવનમાં ગુરુદેવ આ વાત રગડી–રગડીને ઘૂંટાવી રહ્યા છે કે, જેને આત્માર્થ સાધવો જ છે તેને જીવનની કોઈ પરિસ્થિતિ રોકી શકવાની નથી. જ્યાં અંતરમાં આત્માર્થ સાધવાનો દ્રઢ નિશ્ચય ને સાચી લગન છે ત્યાં જગતસંબંધી અવનવા પ્રસંગોમાં પણ મુમુક્ષુજીવ પોતાના નિર્ણયને ને લગનીને જરાય ઢીલીપોચી થવા દેતો નથી; સંતોના ચરણોમાં તે

પોતાની આત્મજિજ્ઞાસાનું બળ વધારતો જ રહે છે; અને પરમવૈભવથી ભરપૂર જે પોતાનું શુદ્ધસ્વરૂપ તેનો મહિમા કરી કરીને અંતે તેમાં અંતર્મુખ થઈને પોતાનું સ્વકાર્ય સાધે છે. આ રીતે આપણે પણ જીવનમાં વધુ ને વધુ વૈરાગ્યથી, વધુ ને વધુ આત્મરસથી ગુરુચરણમાં નિરંતર ઉદ્યમ વડે આત્મહિતનું સ્વકાર્ય સાધીએ–એ જ ભાવના.

અહો, જીવનમાં આવી આત્મહિતની ઉત્તમ પ્રેરણાઓ આપનારા
કહાનગુરુ જેવા જે સન્તરત્નો આપણને મળ્યા છે તેમના
અનંત ઉપકારના સ્મરણપૂર્વક નમસ્કાર હો.

**जय जिनेन्द्र**

## તમે જાણો છો ?

* કહો જોઈએ આપણા હિમાલય પર્વતની ઊંચાઇ કેટલી ?

–પાંચ કે છ માઈલ જેટલી.

* અને શાશ્વત જિનમંદિરોથી શોભિત મેરુ પર્વતની ઊંચાઇ કેટલી ? શું હિમાલયથી બમણી હશે ?

–ના ના; હિમાલયથી તો આઠ કરોડ ગણી એની ઊંચાઈ છે. હિમાલયની પાંચ છ માઈલ, તો મેરુની પચાસ કરોડ માઈલ ! જૈનવૈભવથી ભરપૂર મેરુ તે માનવલોકની મહાન શોભા છે....તીર્થંકરના અભિષેકને લીધે તે જગપૂજ્ય તીર્થ છે.

* સ્વર્ગ ક્યાં આવ્યું તે ખબર છે ?

–જ્યાં હિમાલયની ટોચ છે ત્યાં પહેલા સ્વર્ગનું તળીયું છે, બંને વચે માત્ર એક વાળ જેટલું અંતર છે.

જેટલે ઊંચે સુધી મેરુ છે ત્યાં સુધી મધ્યલોક છે; પછી પહેલાં સ્વર્ગથી શરૂ કરીને ઠેઠ સિદ્ધાલય સુધીના લોકને ઊર્ધ્વલોક કહેવાય છે.

## બધાય તીર્થંકરોએ સેવેલો અને ઉપદેશેલો એક જ માર્ગ

# શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિરૂપ મોક્ષમાર્ગ

## અહો ! તે તીર્થંકરોને અને તે માર્ગને નમસ્કાર હો.

શુદ્ધાત્માના અનુભવરૂપ જે મોક્ષમાર્ગ, તે માર્ગનો નિઃશંક નિશ્ચય કરીને, અને પોતે તે માર્ગમાં સાક્ષાત્ આરૂઢ થઈને આચાર્યદેવ કહે છે–કે બધાય ભગવંતો પણ આ એક જ માર્ગને સેવીને મોક્ષ પામ્યા છે અને આ જ માર્ગ તેમણે જગતને ઉપદેશ્યો છે–

**શ્રમણો, જિનો, તીર્થંકરો આ રીતે સેવી માર્ગને**
**સિદ્ધિ વર્યા; નમું તેમને, નિર્વાણના તે માર્ગને. ૧૯૯.**

એક મોક્ષમાર્ગ વ્યવહારના આશ્રયે, ને બીજો મોક્ષમાર્ગ નિશ્ચયના આશ્રયે–એમ બે મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગ એક જ છે. શુદ્ધાત્મારૂપ નિશ્ચયના આશ્રયે જ મોક્ષમાર્ગ છે ને વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગ નથી.

મોક્ષનો એક જ માર્ગ છે તે કેવો છે? કે શુદ્ધાત્મતત્ત્વમાં પ્રવૃત્તિરૂપ છે. ચરમશરીરી બધાય જીવો આવા માર્ગથી જ મોક્ષ પામ્યા; પરંતુ બીજા કોઈ માર્ગથી મોક્ષ પામ્યા નથી.

અનંતા જીવો મોક્ષ પામ્યા છે–તો શું બધાય જીવોને તમે ઓળખી લીધા? –હા; આચાર્યદેવ કહે છે કે અમારા અંતરમાં આવો મોક્ષમાર્ગ અમે અનુભવ્યો છે, શુદ્ધાત્મામાં પ્રવૃત્તિ વડે આવા મોક્ષમાર્ગને અમે સાધી રહ્યા છીએ, મોક્ષમાર્ગને સાધવાનું કૃત્ય કરાય છે; એટલે સ્વયં મોક્ષમાર્ગમાં પ્રવર્તન કરતા થકા, અનુભવના બળે કહીએ છીએ કે બધાય તીર્થંકરભગવંતોએ, બધાય મુનિવરો અને જિનવરોએ આવો જ મોક્ષમાર્ગ ઉપાસ્યો છે, ને જગતના મુમુક્ષુઓને પણ આવો જ માર્ગ ઉપદેશ્યો છે. બીજા માર્ગનો અભાવ છે. આગળ પણ ૮૨ મી ગાથામાં કહ્યું હતું કે–

**અર્હંત સૌ કર્મોતણો કરી નાશ એ જ વિધિ વડે,**
**ઉપદેશ પણ એમ જ કરી, નિર્વૃત થયા; નમું તેમને ૮૨.**

શુદ્ધાત્માના અનુભવ સિવાય બીજો કોઈ મોક્ષનો માર્ગ નથી. આવો માર્ગ પોતે અનુભવીને ભગવંતોએ જગતને દર્શાવ્યો છે. અમે આવા માર્ગનો નિર્ણય કર્યો છે, આવા મોક્ષમાર્ગમાં અમારી મતિ વ્યવસ્થિત થઈ છે. જાુઓ, આચાર્યદેવ નિઃશંક સ્વાનુભવથી જાણે છે કે મોક્ષના માર્ગમાં અમારી મતિ સ્થિર થઈ છે; તેમાં હવે બીજા વિકલ્પને અવકાશ નથી. માટે અતિ પ્રલાપથી બસ થાઓ. અહો, આવો એક જ મોક્ષમાર્ગ ઉપદેશનારા અર્હન્તોને નમસ્કાર હો.

અહીં ગા. ૧૯૯ માં પણ આચાર્યદેવ કહે છે કે મોક્ષનો માર્ગ શુદ્ધાત્મામાં પ્રવૃત્તિરૂપ છે. શુભરાગમાં–વ્યવહારમાં પ્રવૃત્તિ તે કાંઈ મોક્ષનો માર્ગ નથી, તે તો બંધનો માર્ગ છે. અહો, શુદ્ધાત્માની અનુભૂતિરૂપ આ એક જ મોક્ષમાર્ગ, તેમાં પ્રવર્તેલા, સિદ્ધભગવંતોને નમસ્કાર હો; અને શુદ્ધાત્મપ્રવૃત્તિરૂપ મોક્ષમાર્ગને નમસ્કાર હો. –બીજા વિસ્તારથી બસ થાઓ, આવો મોક્ષમાર્ગ અમે અવધારિત કર્યા છે અને મોક્ષને સાધવાનું કૃત્ય કરાય છે. શુદ્ધાત્માના અનુભવરૂપ મોક્ષમાર્ગમાં અમે વર્તી જ રહ્યા છીએ. ભગવંતોએ જે માર્ગ સેવ્યો, તે જ માર્ગનો અનુભવ કરીને અમે પણ મોક્ષને સાધી રહ્યા છીએ. જે માર્ગે અનંતા તીર્થંકરો સંચર્યા–તે જ માર્ગે અમે પણ ચાલી રહ્યા છીએ. ચોથા કાળના ભગવંતો જે માર્ગે ચાલ્યા તે જ માર્ગે અમે પંચમકાળના મુનિઓ પણ જઈ રહ્યા છીએ. અને અત્યારે વિદેહક્ષેત્રમાં પણ આ જ માર્ગ તીર્થંકરભગવંતો ઉપદેશી રહ્યા છે, ને મુનિઓ આ જ માર્ગે કેવળજ્ઞાન પ્રગટ કરીને મોક્ષને સાધી રહ્યા છે. –આવો મોક્ષનો એક જ માર્ગ છે. ત્રણેકાળના જીવોને માટે મોક્ષનો માર્ગ એક જ છે.–

**ભેદવિજ્ઞાનતઃ સિદ્ધા; સિદ્ધા યે કિલ કેચન ।**
**અસ્યૈવ-અભાવતો બદ્ધા બદ્ધા યે કિલ કેચન ।।**

ભેદવિજ્ઞાન કહો કે પરથી ભિન્ન શુદ્ધાત્માનો અનુભવ કહો, તે જ મોક્ષનો માર્ગ છે. ચરમશરીરી હો કે એકાદ બે ભવ બાકીવાળા અચરમશરીરી હો, તીર્થંકર હો કે સામાન્ય મુમુક્ષુ હો–બધાયને માટે એક જ મોક્ષમાર્ગ છે, કોઈને માટે બીજો મોક્ષમાર્ગ નથી. પંચમકાળના અચરમશરીરી મુનિવરો પણ આવા શુદ્ધાત્મઅનુભવરૂપ નિશ્ચયમોક્ષમાર્ગમાં વર્તી રહ્યા છે. આવા માર્ગ પ્રત્યેના પ્રમોદથી આચાર્યદેવ કહે છે કે અહો, આવા માર્ગને સાધનારા તીર્થંકરોને નમસ્કાર હો, આવા માર્ગને નમસ્કાર હો. અમે પણ આવો મોક્ષમાર્ગ અવધારિત કર્યો છે, કૃત્ય કરાય છેઃ 'अवधारितो मोक्षमार्गः, कृत्यं अनुष्ठीयते। ' પોતે તે ભગવંતોના માર્ગમાં ભળીને તેને નમસ્કાર કર્યા છે.

મોક્ષમાર્ગ શુદ્ધાત્મામાં પરિણમનરૂપ છે. મુનિદશામાં આવો જ મોક્ષમાર્ગ છે; વચ્ચે શુભવિકલ્પો હોય તે કાંઈ મોક્ષમાર્ગ નથી. તે શુભવિકલ્પવડે કદી કોઈ જીવને મોક્ષ સધાતો નથી, ને ભગવંતોએ એવો શુભવિકલ્પરૂપ મોક્ષમાર્ગ ઉપદેશ્યો નથી. ભગવંતોએ તો શુદ્ધાત્મામાં પ્રવૃત્તિરૂપ એક વીતરાગ મોક્ષમાર્ગ જ ઉપદેશ્યો છે–

## ‘આવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન’

અરે! સાચા માર્ગનો પણ જેને નિર્ણય નથી, માર્ગનું સ્વરૂપ જ વિપરીત માને છે તેઓ તો ધર્મથી ભ્રષ્ટ છે, માર્ગથી ભ્રષ્ટ છે; એને મુનિદશા કેવી? ને મોક્ષમાર્ગ કેવો? રાગના એક અંશને પણ જે મોક્ષનું સાધન માને તે જીવ ભગવાને કહેલા વીતરાગમાર્ગનો વેરી છે. ભગવાને તો વીતરાગભાવને જ મોક્ષમાર્ગ કહ્યો છે, રાગને તો બંધનું કારણ કહ્યું છે, ને આ જીવ રાગને મોક્ષનું કારણ માને છે, તો તે સર્વજ્ઞના માર્ગથી ભ્રષ્ટ છે. ‘दंसणभट्टा भट्टा’ –સમ્યગ્દર્શનથી જે ભ્રષ્ટ છે તે તદ્દન ભ્રષ્ટ છે. સમ્યગ્દર્શન હોય પણ કદાચિત ચારિત્રદશા ન હોય તોપણ તે જીવ ભગવાનના માર્ગમાં છે, તે મોક્ષને સાધશે; કેમકે રાગને બંધનું કારણ જાણે છે એટલે અલ્પકાળમાં તેનો અભાવ કરીને શુદ્ધાત્મામાં એકાગ્રતા વડે તે મોક્ષને સાધશે. આ રીતે બધા જીવોને માટે આવા શુદ્ધાત્માના અનુભવરૂપ એક જ મોક્ષમાર્ગ છે. બધાય તીર્થંકરોએ સેવેલો અને ઉપદેશેલો આ એક જ માર્ગ છે. અહો, તે તીર્થંકરોને અને શુદ્ધાત્મામાં પ્રવૃત્તિરૂપ મોક્ષમાર્ગને નમસ્કાર હો.

* * *

જે મુનિઓ શુદ્ધાત્મપ્રવૃત્તિ વડે મોક્ષના સાક્ષાત્ કારણમાં વર્તી રહ્યા છે તે મુનિઓને મોક્ષતત્ત્વ જ કહ્યું છે; અને જે જીવો સંસારના કારણરૂપ મિથ્યાત્વમાં વર્તી રહ્યા છે તેને સંસારતત્ત્વ કહ્યું. અરે, અશરીરી આત્માને શરીર ધારણ કરવું પડે તે શરમ છે. ધર્મી કહે છે કે હું તો સિદ્ધસ્વરૂપ છું; ‘હું જન્મને જાણું નહીં, સુખથી ભરેલો શિવ છું.’

ધર્મીને ધર્માત્મા પ્રત્યે ઉલ્લાસ આવે છે. પોતે મોક્ષમાર્ગમાં પ્રવર્તી રહેલા કુંદકુંદાચાર્યદેવને બીજા મોક્ષમાર્ગી મુનિવરો પ્રત્યે ધર્મનો પ્રમોદ આવતાં આહ્લાદથી કહે છે કે અહો! આ મોક્ષમાર્ગી શ્રમણો તે મોક્ષતત્ત્વ જ છે; તેઓ અમારા મનોરથનું સ્થાન છે. તેમને નમસ્કાર હો. કેવો નમસ્કાર? શુદ્ધાત્મામાં એકાગ્રતારૂપ નમસ્કાર; વચ્ચેથી રાગનો વિકલ્પ કાઢી નાંખીને શુદ્ધાત્મામાં એકાગ્ર થતાં, સિદ્ધોને અને મોક્ષના માર્ગને સહેજે અભેદ નમસ્કાર થઈ જાય છે. પોતાની પરિણતિ શુદ્ધ થઈ તે જ

નમસ્કાર છે. વાહ! સંતો શુદ્ધાત્મામાં રમણતા કરીને પ્રચુર આનંદનું વેદન કરતાં કરતાં મોક્ષને સાધી રહ્યા છે. ધન્ય એમનો અવતાર! ધન્ય એમની વીતરાગ પરિણતિ! મારામાં પણ હું એવી વીતરાગ પરિણતિ પ્રગટ કરીને નમસ્કાર કરું છું. વચ્ચે રાગનો વિકલ્પ આવ્યો તે વડે નમસ્કાર કરવાનું ન કહ્યું, પણ વચ્ચેથી વિકલ્પને કાઢી નાંખીને પોતે પણ વીતરાગભાવરૂપ થઈને નમસ્કાર કરે છે. એટલે મોક્ષમાર્ગમાં વચ્ચેથી વ્યવહારનો નિષેધ કરી નાંખ્યો. વિકલ્પ તરફ ઝુકાવ નથી, શુદ્ધાત્મા તરફ જ ઝુકાવ છે. શુદ્ધાત્મામાં પ્રવૃત્તિરૂપ મોક્ષમાર્ગ અમે અંગીકાર કર્યો છે–એમ ધર્મી નિઃશંક જાણે છે. પોતામાં જ્ઞાન થયું ને પોતાને તેની ખબર ન પડે –એમ નથી. 'અમને અંદર સમ્યગ્દર્શનાદિ હશે કે નહીં એવી શંકા પડે તે મિથ્યાદ્રષ્ટિ છે, ધર્મીને એવી શંકા ન રહે. તે તો સ્વાનુભવના જોરથી કહે છે કે અમારો આત્મા મોક્ષમાર્ગમાં પ્રવર્તી રહ્યો છે, મોક્ષને સાધવાનું કાર્ય થઈ જ રહ્યું છે; મોક્ષમાર્ગ અમે અવધારિત કર્યો છે. આત્મા જાગ્યો ને માર્ગ દેખ્યો–ત્યાં હવે સંદેહ કેવો ?

આત્માના કેવા નિર્ણયથી ધર્મીએ મોક્ષમાર્ગ અંગીકાર કર્યો ? તેનું અદ્ભુત વર્ણન ૨૦૦૦ મી ગાથામાં કર્યું છે. પ્રથમ તો, હું મોક્ષનો અધિકારી છું, ને મેં જ્ઞાયકસ્વભાવી આત્મતત્ત્વનું પરિજ્ઞાન કર્યું છે. આવા આત્મતત્ત્વના પરિજ્ઞાનપૂર્વક મમત્વનો ત્યાગ કરીને અને નિર્મમત્વનું ગ્રહણ કરીને સર્વ ઉદ્યમથી હું શુદ્ધાત્મામાં વર્તું છું. –જુઓ, આ મોક્ષને સાધવાની વિધિ! મોક્ષની વિધિમાં શુદ્ધાત્મપ્રવૃત્તિ સિવાય બીજા કૃત્યનો અભાવ છે; બીજું કોઈ કૃત્ય મોક્ષનું સાધન થતું નથી. આવા મોક્ષમાર્ગમાં મારી મતિ વ્યવસ્થિત થઈ છે, તેમાં હવે કોઈ સંદેહ રહ્યો નથી. ચોથા ગુણસ્થાનથી જ ધર્મી જાણે છે કે હું મોક્ષનો અધિકારી છું...... મોક્ષના માર્ગમાં હું ચાલી રહ્યો છું.

પરથી ભિન્ન શુદ્ધ આત્માના જ્ઞાનપૂર્વક જ મમત્વ છૂટી શકે. પરનું કર્તૃત્વ માને તેને મમત્વ કદી છૂટે નહિ. રાગને મોક્ષનું સાધન માને તેને રાગનું મમત્વ છૂટે નહિ, ને વીતરાગી મોક્ષમાર્ગ કદી થાય નહીં. માટે, મોક્ષનો અધિકારી મોક્ષનો યુવરાજ એવો ધર્મી કહે છે કે મેં મારા જ્ઞાયકસ્વભાવી આત્મતત્ત્વને બરાબર જાણ્યું છે; તેના પરિજ્ઞાનપૂર્વક સર્વત્ર મમત્વનો ત્યાગ કરીને હું શુદ્ધાત્મામાં પ્રર્વતું છું; કેમકે શુદ્ધ આત્મામાં પ્રવર્તવા સિવાય અન્ય કૃત્યનો મારામાં અભાવ છે. આત્મા જ્ઞાયક છે; આખું વિશ્વ જ્ઞેય છે, એ સિવાય વિશ્વના પદાર્થો સાથે આત્માને બીજો કાંઈ સંબંધ નથી. પરની સાથે સ્વ–સ્વામીપણાનો સર્વથા અભાવ છે, માટે મને પરનું મમત્વ નથી.

આ રીતે ભેદજ્ઞાનના બળથી મમત્વ છોડીને, નિર્મમપણે હું મારા જ્ઞાયક સ્વભાવમાં જ રહું છું. –આ રીતે સ્વભાવમાં લીન થયેલો આત્મા, સાધુ હોવા છતાં પણ સાક્ષાત્ સિદ્ધભૂત છે. આચાર્યદેવ કહે છે કે અહો! આવા નિજાત્માને સદાય સ્વયમેવ ભાવ–નમસ્કાર હો......તેમજ સિદ્ધસ્વરૂપ પરમાત્માઓને ભાવનમસ્કાર હો.

જાુઓ તો ખરા આ સાધુદશા! આવી દશાનું નામ સાધુપણું છે, તે તો સાક્ષાત્ સિદ્ધભૂત છે. આવી શુદ્ધાત્મામાં પ્રવૃત્તિરૂપ સાધુદશા પોતામાં પ્રગટ કરીને બીજા જીવોને પણ તે દશા અંગીકાર કરવાનો ઉપદેશ આચાર્યદેવે (ત્રીજા અધિકારમાં) આપ્યો છે કે–મેં જે રીતે શુદ્ધાત્માના જ્ઞાન–શ્રદ્ધાનપૂર્વક શુદ્ધોપયોગરૂપ શ્રામણ્યને અંગીકાર કર્યું તેમ બીજા પણ જે આત્માઓ દુઃખથી છૂટવા માંગતા હોય તેઓ આવા શ્રામણ્યને અંગીકાર કરો. તેનો માર્ગ અમે જોયેલો છે, અનુભવેલો છે; તે યથાનુભૂત માર્ગના પ્રણેતા અમે આ રહ્યા.

(નમસ્કાર હો.......શ્રામણ્ય માર્ગના પ્રણેતા વીતરાગી સન્તોને)

## સ્વાનુભવની કળા

જ્ઞાતા–જ્ઞેય–જ્ઞાનરૂપ અખંડ વસ્તુ એક છે.

પર્યાય જેટલો જ જ્ઞાતા નથી,

પર્યાય જેટલું જ જ્ઞેય નથી,

પર્યાય જેટલું જ જ્ઞાન નથી.

અખંડ વસ્તુ વેદ્ય–વેદકરૂપ થઈને સ્વસંવેદનવડે પોતે પોતાને જાણે છે.–તેથી પોતે જ જ્ઞેય, પોતે જ જ્ઞાન, ને પોતે જ જ્ઞાતા છે. જ્યાં જ્ઞાતા–જ્ઞેય–જ્ઞાન વચ્ચે પણ ભેદ નથી, ત્યાં બહારના વિકલ્પની કે દેહની તો વાત જ ક્યાં રહી?

ભાઈ, જ્ઞાતા–જ્ઞેય–જ્ઞાનને અભેદપણે પોતામાં સમાવીને અનુભવ કરવો –તે તારે કરવાનું છે. આમાં સ્વસન્મુખ જ્ઞાનઉપયોગ છે. અહો! સંતોએ સ્વાનુભવની કળા જગત પાસે પ્રસિદ્ધ કરીને ખુલ્લી મુકી છે.

આખા જીવને જ્ઞેય બનાવીને તેનો જ્ઞાતા થા. હું જ્ઞેય, ને હું જ્ઞાતા ને હું મને જાણું–એવા ભેદ પણ જ્યાં રહેતા નથી એવો સ્વાનુભવ તું કર.

## ભેદજ્ઞાન–પુષ્પમાળા

**ગુરુદેવને અત્યંત પ્રિય એવું સમયસાર, અને તેમાં પણ વિશેષ પ્રિય એવો કર્તાકર્મ અધિકાર, તેના પ્રવચનોમાંથી ૮૦ પ્રશ્નોત્તરની આ ભેદજ્ઞાન-પુષ્પમાળા રજુ કરી રહ્યા છીએ. ગતાંકમાં ૧૩ પ્રશ્નોત્તર પછી આગળ અહીં રજુ થાય છે. (સં.)**

(૧૪) જીવને મોક્ષમાર્ગની શરૂઆત ક્યારે થાય?

ભેદજ્ઞાનવડે પોતાના જ્ઞાનસ્વભાવને સમસ્ત રાગાદિ પરભાવોથી જુદો અનુભવે ત્યારે.

(૧૫) મોક્ષમાર્ગમાં કઈ ક્રિયાનો નિષેધ છે? ને કઈ ક્રિયાનો સ્વીકાર છે?

રાગના કર્તૃત્વરૂપ કરોતિક્રિયાનો મોક્ષમાર્ગમાં નિષેધ છે, ને જ્ઞાનક્રિયાનો સ્વીકાર છે.

(૧૬) જ્ઞાનક્રિયાનો મોક્ષમાર્ગમાં નિષેધ કેમ નથી?

કેમકે જ્ઞાનક્રિયા તો દ્રવ્ય–ગુણ સાથે અભેદ થાય છે, તેથી તેને છોડી શકાતી નથી. જ્ઞાનક્રિયા તો સ્વભાવભૂત છે.

(૧૭) ક્રોધાદિભાવ અને જ્ઞાન,–તેના કર્તા કેટલા છે?

તેના બે કર્તા છે, એક જ કર્તા નથી.

(૧૮) બે કર્તા કઈ રીતે છે?

કેમકે કાર્ય બે છે માટે કર્તા પણ બે છે.

(૧૯) બે કાર્ય કયા છે?

એક જ્ઞાનરૂપ કાર્ય ને એક ક્રોધરૂપ કાર્ય–એમ બે કાર્યો ભિન્ન–ભિન્ન છે. અને બે કાર્યો ભિન્ન હોવાથી તેના બે કર્તા પણ ભિન્ન છે.

(૨૦) તે બે કાર્યોના બે કર્તા કોણ–કોણ છે

જ્ઞાનનો કર્તા જ્ઞાની છે; ને ક્રોધનો કર્તા અજ્ઞાની છે.

(૨૧) આવા બે કર્તાને જાણવાથી શું થાય ?

જ્ઞાન અને ક્રોધાદિ વચ્ચે ભેદજ્ઞાન થાય.

(૨૨) અજ્ઞાનીને આવું ભેદજ્ઞાન કેમ નથી થતું ?

કેમકે તે બે–કર્તા ન માનતાં, એક જ કર્તા માને છે. જ્ઞાન અને ક્રોધ એ બંને વિરુદ્ધ કાર્યોનો હું એક જ કર્તા છું–એમ અજ્ઞાની માને છે, એટલે તે જ્ઞાનને અને ક્રોધને બંનેને એક જ માનીને વર્તે છે તેથી તેને ભેદજ્ઞાન થતું નથી.

(૨૩) જ્ઞાનનો મહિમા શું છે ?

જ્ઞાનભાવ અને ક્રોધભાવ–એ બંને ભાવોને તદ્દન ભિન્ન જાણી લ્યે છે, અને ક્રોધનું કર્તૃત્વ છોડીને તેનાથી જુદું પરિણમે છે–તે જ્ઞાન મહિમાવંત છે, તે અત્યંત ધીર શાંત અને નીરાકુળ છે.

(૨૪) જીવ જ્ઞાની ક્યારે થાય ?

જ્યારે જ્ઞાન અને રાગનું અત્યંત ભિન્નપણું જાણીને પોતાને જ્ઞાનપણે જ અનુભવે ને રાગનું કર્તૃત્વ છોડે, –ત્યારે તે જીવ જ્ઞાની છે.

(૨૫) અજ્ઞાની પરનો કર્તા છે ?

ના; અજ્ઞાની પણ ફક્ત પોતાના રાગાદિ ભાવનો જ કર્તા છે.

(૨૬) જ્ઞાની રાગના કર્તા છે ?

ના; જ્ઞાની પોતાના જ્ઞાનભાવના જ કર્તા છે; રાગના તે જ્ઞાતા છે, કર્તા નથી.

(૨૭) ધર્મી જીવ કોને ભિન્ન નથી દેખતો ?

ધર્મી જીવ જ્ઞાનને અને આત્માને ભિન્ન નથી દેખતો; તેને અભિન્ન દેખે છે.

(૨૮) ધર્મી જીવ કોને ભિન્ન દેખે છે ?

ધર્મી જીવ જ્ઞાનને અને ક્રોધાદિને ભિન્ન દેખે છે, તેને એકમેક નથી દેખતો.

(૨૯) અજ્ઞાની જીવ કોને ભિન્ન નથી દેખતો?

અજ્ઞાની જીવ જ્ઞાનને અને રાગને ભિન્ન નથી દેખતો, તેને એક માને છે.

(૩૦) સંયોગસિદ્ધસંબંધ કોને હોય?

સંયોગસિદ્ધસંબંધ બે જુદી વસ્તુઓ વચ્ચે હોય. આત્માને અને ક્રોધાદિને સંયોગસંબંધ છે.

(૩૧) સ્વભાવસિદ્ધસંબંધ (તાદાત્મ્યસિદ્ધસંબંધ) કોને હોય?

ગુણ–ગુણી વચ્ચે (અથવા ધર્મ અને ધર્મી વચ્ચે) એકતારૂપ તાદાત્મ્યસિદ્ધસંબંધ છે; જ્ઞાન અને આત્માને એકતારૂપ તાદાત્મ્યપણું છે, તેમના વચ્ચે ભેદ નથી, જુદાઈ નથી, સંયોગ નથી.

(૩૨) મોક્ષનું કારણ શું છે?

જ્ઞાન અને રાગનું ભેદજ્ઞાન તે મોક્ષનું કારણ છે.

(૩૩) સંસાર–બંધનનું કારણ શું છે?

જ્ઞાન અને રાગ વચ્ચે કર્તાકર્મબુદ્ધિરૂપ અજ્ઞાન તે સંસારનું કારણ છે.

(૩૪) મહિમાવંત કોણ છે?

રાગથી ભિન્ન ચૈતન્ય સ્વભાવને જાણનારું જ્ઞાન મહિમાવંત છે.

(૩૫) આત્મા શેમાં પ્રકાશે છે?

આત્મા પોતાની જ્ઞાનક્રિયામાં જ પ્રકાશે છે.

(૩૬) ક્રોધાદિ પરભાવોમાં કોણ પ્રકાશે છે?

તેમાં અજ્ઞાન પ્રકાશે છે; અજ્ઞાનથી ક્રોધાદિનું કર્તાપણું છે.

(૩૭) જ્ઞાન અને રાગ તેને કર્તાકર્મપણું છે?

ના.

(૩૮) રાગ અને પરદ્રવ્ય તેને કર્તાકર્મપણું છે?

ના.

( ૩૯ ) જ્ઞાન શું કરે ?

જ્ઞાન રાગાદિને જાણે ખરું પણ કરે નહીં.

( ૪૦ ) જ્ઞાન રાગાદિને કરે તો શું થાય ?

તો તે રાગમાં તન્મય થઈ જાય એટલે અજ્ઞાન થઈ જાય.

( ૪૧ ) અજ્ઞાન ક્યારે મટે ?

લક્ષણની ભિન્નતા વડે આત્માને રાગથી જુદો જાણે ત્યારે.

( ૪૨ ) ધર્મલબ્ધિનો અવસર ક્યારે કહેવાય ?

જ્યારે ભેદજ્ઞાન કરીને સ્વસન્મુખ થાય તે ધર્મલબ્ધિનો અવસર છે.

( ૪૩ ) પુણ્ય-પાપના કર્તૃત્વથી જીવ નિવૃત્ત ક્યારે થાય ?

જ્યારે તેનાથી ભિન્ન જ્ઞાનસ્વભાવરૂપે પોતાને અનુભવે ત્યારે.

( ૪૪ ) જીવ પોતાને જ્ઞાનસ્વરૂપે ક્યારે અનુભવે ?

જ્યારે પુણ્ય-પાપના કર્તૃત્વને છોડીને અંતરમાં વળે ત્યારે.

( ૪૫ ) પહેલાં કર્તૃત્વ છૂટે, કે પહેલાં જ્ઞાન થાય ?

બંને એક સાથે જ થાય છે.

( ૪૬ ) પુણ્ય-પાપ છોડીને આત્માનો અનુભવ થઈ શકે ?

હા; અનંતા જીવોએ એવો અનુભવ કર્યો છે; ને અત્યારે પણ થઈ શકે છે.

( વિશેષ આવતા અંકે )

આવો દુર્લભ અવસર પામીને પણ હે જીવ! જો તેં તારા સ્વજ્ઞેયને ન જાણ્યું ને સ્વાશ્રયે મોક્ષમાર્ગ ન સાધ્યો તો તારું જીવન વ્યર્થ છે. આ અવસર જશે તો તું પસ્તાઈશ....માટે જાગ....ને સ્વહિત સાધવામાં તત્પર થા.

# પં. બુધજનરચિત છહઢાળા ( ત્રીજી ઢાલ )

જેને અનુસરીને પં. દૌલતરામજીએ છહઢાળા રચી છે તે પં. બુધજનરચિત છહઢાળાની આ ત્રીજી ઢાળ છે-જેમાં સમ્યક્ત્વનું વર્ણન છે. અગાઉની બે ઢાળ અનુક્રમે આત્મધર્મ અંક ૩૦૪ તથા ૩૦૬ માં આવી ગઈ છે.

( પદ્ધડી છંદ )

( ૧ ) ઈસવિધિ ભવવનકે માંહિ જીવ,
વશમોહ ગહલ સોતા સદીવ;
ઉપદેશ તથા સહજ હી પ્રબોધ,
તબ જાગો જ્યોં રણ ઉઠત યોધ.

( અર્થ )

એ પ્રમાણે સંસારરૂપી વનમાં મોહવશ થયેલો જીવ અચેત થઈને સદા ઘેરી ન્દ્રિામાં સૂતો છે. પણ હવે શ્રીગુરુના ઉપદેશથી કે સહજ (નિસર્ગથી) તે પ્રતિબુદ્ધ થયો ત્યારે, જેમ રણમાં મૂર્છિત થયેલ યોદ્ધો ફરીને જાગે –તેમ મોહન્દ્રિા દૂર કરીને જાગ્યો.

( ૨ ) તબ ચિંતત અપને માંહિ આપ,
મૈં ચિદાનંદ નહીં પુણ્ય પાપ;
મેરે નાહીં હૈ રાગભાવ,
યે તો વિધિવશ ઉપજે વિભાવ.

આત્મભાન કરીને જાગ્યો ત્યારે શું થયું? –કે ત્યારે પોતાના અંતરમાં પોતાનું સ્વરૂપ એવું ચિંતવવા લાગ્યો કે હું ચિદાનંદ છું, પુણ્ય કે પાપ હું નથી. રાગભાવ પણ મારો સ્વભાવ નથી, તે તો કર્મવશ ઊપજેલો વિભાવ છે.

( ૩ ) મૈં નિત્ય નિરંજન શિવસમાન,
જ્ઞાનાવરણી આચ્છાદા જ્ઞાન;
નિશ્ચય શુદ્ધ ઈક વ્યવહાર ભેવ,
ગુણ ગુણી અંગ અંગી અતેવ.

હું સિદ્ધ સમાન નિત્ય–અવિનાશી છું, નિરંજન છું; જ્ઞાનાવરણીય કર્મથી મારું જ્ઞાન આચ્છાદિત થયું છે. નિશ્ચયથી હું શુદ્ધ એક છું, ગુણ–ગુણી ભેદ કે અંગ–અંગી ભેદ વગેરે ભેદો વ્યવહારથી છે.

(૪) માનુષ- સુર- નારક- પશુપર્યાય,
શિશુ-જવાન-વૃદ્ધ બહુ રૂપ કહાય;
ધનવાન-દરિદ્રી દશા રાય,
યહ તો વિઢમ્બ મુઝે ના સોહાય.

વળી મનુષ્ય-દેવ-નારકી ને પશુ પર્યાયો, અથવા બાળક-યુવાન-વૃદ્ધ વગેરે અનેકરૂપ શરીરની અવસ્થાઓ, ધનવાન કે દરિદ્રીપણું, રાજા કે રંકપણું-તે બધું વિડંબના છે-ઉપાધિ છે, -તે કાંઈ મને પ્રિય નથી, -મારા શુદ્ધ સ્વરૂપમાં તે કાંઈ શોભતું નથી.

(૫) સ્પર્શ- ગંધ- રસ- વર્ણ નામ,
મેરે નાહીં મૈં જ્ઞાનધામ;
મૈં એકરૂપ નહીં હોત ઔર,
મુઝમેં પ્રતિબિંબિત સકલ ઠૌર.

સ્પર્શ-રસ-ગંધ-વર્ણ કે નામ તે મારાં નથી, તે પુદ્‌ગલનાં છે, હું તો જ્ઞાનધામ છું, જ્ઞાનનું ઘર છું, હું એકરૂપ છું, અન્યરૂપ થતો નથી, મારા જ્ઞાનમાં સમસ્ત પદાર્થો પ્રતિબિંબિત થઈ રહ્યા છે.

(૬) તન પુલકિત વર હર્ષિત સદીવ,
જ્યોં ભઈ રંકગ્રહનિધિ અતીવ;
જબ પ્રબલ અપ્રત્યાખ્યાન થાય,
તબ ચિત પરિણતિ ઐસી ઉપાય.

-આવું આત્મજ્ઞાન અને સમ્યક્ શ્રદ્ધાન થતાં જીવ સદાય અતિશય પ્રસન્ન થાય છે, -આનંદિત થાય છે, ને હર્ષથી શરીર પણ પુલકિત થઈ જાય છે.-જેમ રંકના ઘરમાં અખૂટ નિધાન પ્રગટતાં તે પ્રસન્ન થાય તેમ અંતરમાં નિજનિધાનને દેખીને તે પ્રસન્ન થાય છે. આવું સમ્યગ્દર્શન થવા છતાં જ્યાં સુધી અપ્રત્યાખ્યાનની પ્રબળતા છે ત્યાં સુધી તેની ચિત્તપરિણતિ કેવી હોય છે તે હવે કહે છે.

(૭) સો સુનોં ભવ્ય ચિત્તધાર કાન,
વર્ણત મૈં તાકા વિધિ વિધાન;
શિવ કરૈં કાજ ઘરમાહિં વાસ,
જ્યોં ભિન્ન કમલ જલમેં નિવાસ.

હે ભવ્ય જીવો! તમે ચિત્ત દઈને તે સાંભળો. તે અવિરત-સમ્યગ્દ્રષ્ટિના વિધિ વિધાનનું હું વર્ણન કરું છું. સ્વાનુભવબોધનો જેમને લાભ થયો છે એવા તે જીવો ઘરમાં વસતા હોવા છતાં શિવકાજ કરે છે અર્થાત્ મોક્ષનો ઉપાય કરે છે; જેમ જળમાં કમળનો વાસ હોવા છતાં તે જળથી ભિન્ન છે-અલિપ્ત છે, તેમ ગૃહવાસમાં રહેવા છતાં ધર્મી તેનાથી ઉદાસ છે.

(૮) જ્યોં સતી અંગ માંહીં શૃંગાર,
અતિ કરે પ્યાર જ્યોં નગરનારિ;
જ્યોં ધાવ ચુખાવતિ અન્ય બાલ,
ત્યાં ભોગ કરત નાહીં ખુશાલ.

અથવા જેમ સતીના શરીરનો શણગાર પરપુરુષ પ્રત્યે રાગ માટે નથી, જેમ વેશ્યા અતિશય પ્રેમ કરે છે પણ તે અંતરનો પ્રેમ નથી, અને જેમ ધાવમાતા બીજાના બાળકને દૂધ પીવડાવે છે પણ અંતરમાં તે બાળકને પરાયું જાણે છે, –તેમ સમ્યગ્દ્રષ્ટિ જીવ સંસારના ભોગ ભોગવવા છતાં તે ભોગમાં તે ખુશી નથી–તેમાં તે સુખ માનતો નથી, તેનાથી વિરક્ત છે.

(૯) જો ઉદયમોહ ચારિત્ર ભાવ,
નહીં હોત રંચ હૂ ત્યાગ તાવ;
તહાં કરે મન્દ ખોટે કષાય,
ઘરમેં ઉદાસ હો અથિર થાય.

ચારિત્રમોહરૂપ ઉદયભાવને કારણે રંચમાત્ર ત્યાગ થઈ શકતો નથી, પરંતુ તે ખોટા કષાયભાવોને મંદ કરે છે અને અસ્થિરપણે ઉદાસ ચિત્તે ઘરમાં રહે છે.

(૧૦) સબકી રક્ષાયુત ન્યાય નીતિ,
જિનશાસન ગુરુકી દ્રઢ પ્રતીતિ;
બહુ રૂલે અર્દ્ધ પુદ્‌ગલ પ્રમાણ,
શીઘ્ર હી મરત લે પરમ થાન.

બધા જીવોની રક્ષા સહિત ન્યાય– નીતિથી પ્રવર્તે છે, જિનશાસનની અર્થાત્ સર્વજ્ઞભગવાનના ઉપદેશની અને ગુરુની દ્રઢ પ્રતીતિ કરે છે; સમ્યક્ત્વથી ભ્રષ્ટ થઈને વધુમાં વધુ રુલે તોપણ અર્દ્ધપુદ્‌ગલ–પરિવર્તન કાળ સંસારમાં રહે છે. કોઈવાર સમાધિમરણ કરીને શીઘ્ર પરમ સ્થાનને પામે છે.

(૧૧) વે ધન્ય જીવ ધન્ય ભાગ્ય સોઈ,
જિનકે ઐસી સુપ્રતીતિ હોઈ;
તિનકી મહિમા હૈ સ્વર્ગ લોઈ,
बुधजन ભાસે મોસે ન હોઈ.

જેને શુદ્ધાત્માની આવી સુપ્રતીતિ થઈ છે–સમ્યક્ત્વ થયું છે, તે જીવ ધન્ય છે, તે ધન્યભાગ્ય છે; સ્વર્ગલોકમાં પણ તેની પ્રશંસા થાય છે, बुधजन જ્ઞાનીજનો તેની પ્રશંસા કરે છે, પણ (કવિ બુધજન કહે છે કે) મારાથી તેનું વર્ણન થઈ શકતું નથી.

(પં. બુધજન કૃત છહઢાળમાં ત્રીજી ઢાળ પૂર્ણ)

## વાંચકો સાથે વાતચીત અને તત્ત્વચર્ચા

**જિજ્ઞાસુઓને પ્રિય એવો આ વિભાગ છેલ્લા કેટલાક વખતથી આપી શક્યા ન હતા; તે આ અંકથી ફરી શરૂ થાય છે. સૌ કોઈ જિજ્ઞાસુઓ આ વિભાગમાં ભાગ લઈ શકે છે.**

* મુંબઈથી રમણિકભાઈ પોતાનો પ્રમોદ વ્યક્ત કરતાં લખે છે કે–"આત્મધર્મ અંક ૩૦૭મો મળ્યો. ગુરુદેવના જીવન પરિચય તથા મુંબઈના રત્નચિંતામણિ મહોત્સવનાં દ્રશ્યોથી તથા વૈ. સુ. બીજનાં મંગલપ્રવચનથી અંકને જે મઢયો છે અને સંકલન કર્યું છે તે ખરેખર અજોડ છે; મુંબઈના મુમુક્ષુજનોની આત્મસંતોષ ને જ્ઞાનતૃષા તો સંતોષાય છે, પણ આવા અંકથી હિંદુસ્તાનના મુમુક્ષુજીવોના આત્માઓ હર્ષથી ઊછળી પડે–તેવું પ્રકાશન જોઈ આત્મામાં આનંદનો પરિચય દેખાય છે." (તા. ૧૭–૫–૬૯)

* આફ્રિકાવાળા શેઠશ્રી ભગવાનજી ભાઈ પૂ. ગુરુદેવના જીવનપરિચયનું પુસ્તક વાંચીને પોતાનો ખૂબ પ્રમોદ અને અભિનંદન વ્યક્ત કરતાં લખે છે કે–ગુરુદેવના વીસ વર્ષના પરિચયમાં ઘણા ઉત્તમ પ્રસંગો જોયા છે, તે ઉપરાંત નહિ જોયેલા ને નહિ જાણેલા ઘણા અવનવા પ્રસંગો વાંચીને આનંદ થયો. આ જીવનપરિચય લખીને ઘણું ઉત્તમ કાર્ય કર્યું છે......સત્પુરુષોનાં ચારિત્રોનું વર્ણન આશ્ચર્ય પમાડે છે. આવું સત્ સાહિત્ય સદા પ્રકાશમાં રહો.

* લાઠીથી ઈન્દુબેન ભાયાણી લખે છે–કે આત્મધર્મ વાંચતા અત્યંત હર્ષ ઊભરાય છે, ને દુઃખ ભૂલીને ધર્મદ્રષ્ટિએ આત્મા વળી જાય છે.

* કવિ દુલા કાગ (પદ્મશ્રી) લખે છે– 'કળિયુગના ઘોર અંધકારમાં આપે એક પ્રકાશનું પાનું ઉઘાડયું છે.'

* એક મુમુક્ષુ પૂછે છે–આત્મભાવની રમણતા સાહજિક છે કે પ્રયત્નસાધ્ય?

પ્રયત્નસાધ્ય છે;–પણ તે પ્રયત્ન સહજ છે, અર્થાત્ દેહાશ્રિત કે રાગાશ્રિત તે પ્રયત્ન નથી, પોતાના આત્માશ્રિત તે પ્રયત્ન છે; આ રીતે બીજાની અપેક્ષા વગરનો હોવાથી તે સહજ છે. આ રીતે આત્મા જ્યારે સ્વસન્મુખ પ્રયત્ન વડે સહજ ભાવમાં રહે–ત્યારે તેને આત્મરમણતા થાય છે, એટલે કે આનંદમય આત્મઅનુભવ થાય છે.

'સહજ' નો અર્થ એવો નથી કે આત્માના પ્રયત્ન વગર;–પરંતુ રાગાદિ ઉપાધિ વગરનો ભાવ તેનું નામ સહજ છે.

* જ્ઞાનીદૃષ્ટ ભાવોની જાણકારી આત્મરમણતામાં કંઈ ઉપયોગી થાય ખરી?

–જરૂર; જ્ઞાનીએ જે આત્મભાવો જોયા છે, અથવા સ્વ–પરને જે રીતે ભિન્ન જોયા છે તે રીતે જાણકારી કરીને ઓળખતાં આત્મજ્ઞાન થાય છે ને આત્મરમણતા પણ પ્રગટે છે. અરિહંતનું વાસ્તવિકસ્વરૂપ જે ઓળખે તેને પોતાનો શુદ્ધાત્મા ઓળખાય ને સમ્યગ્દર્શન થાય–એ વાત જિનાગમમાં પ્રસિદ્ધ છે.

એક વાત લક્ષમાં રાખવા જેવી છે કે, આત્મા જડની ક્રિયાઓ કરે કે જડની ક્રિયાઓ આત્માના ધર્મમાં કંઈ કરે–એવું તો જ્ઞાનીઓએ દેખ્યું નથી; છતાં જે એમ માને તેણે 'જ્ઞાનીદૃષ્ટ ભાવને' જાણ્યા નથી, જ્ઞાનીદૃષ્ટ ભાવોથી વિપરીત તે માને છે. જ્ઞાનીઓએ તો જડ–ચેતનના ભાવોને સર્વથા ભિન્નભિન્ન દેખ્યા છે તે ભિન્ન ભાવો ને એકબીજા સાથે કર્તાકર્મપણું હોતું નથી.

* વડોદરાથી રમેશભાઈ કે. જૈન લખે છે–

'સમસ્ત ભારતવર્ષમાં મોક્ષલક્ષી જૈનધર્મની સુવાસ ફેલાવતા માસિક આત્મધર્મના બગીચામાં દાખલ થઈ જવા એક પુષ્પ ( કાવ્યરૂપે ) મોકલું છું.' ગુરુદેવનાં ગુણગાનનું ભાવવાહી કાવ્ય મળ્યું છે, તેનો યોગ્ય ઉપયોગ કરીશું.

* વઢવાણથી ભાઈશ્રી રસિકલાલ ધરમશી લખે છે–આત્મધર્મ દ્વારા અમને ગુરુદેવની પ્રસાદી પહોંચાડી રહ્યા છો તે પ્રશંસનીય છે. ગુરુદેવની વાણી અને પ્રભાવના અલૌકિક છે. તેમણે આજની ઉછરતી પેઢીને સત્નો રાહ દેખાડીને ભૌતિકવાદના અવનવા આકર્ષણોમાંથી મુક્ત કરી છે.

* મુંબઈમાં રત્નચિંતામણિ–જન્મોત્સવનાં દૃશ્યો નજરે નીહાળીને ગુરુદેવ પ્રત્યે પોતાનો પ્રમોદ વ્યક્ત કરતાં ભાઈશ્રી મુલચંદભાઇ તલાટી લખે છે કે–સાધકની દૃષ્ટિમાં અણમોલ અને અવિનશ્વર એવી આત્મિક સિદ્ધિની જ પ્રધાનતા હોય છે; આ જીવે એની અનાદિથી અવગણના કરી છે; સ્વસિદ્ધિ અને નિધિને ભૂલીને અનિત્ય બાહ્ય રિદ્ધિના ભ્રમમાં ભરમાયો છે. જીવે ખરેખર નિરંતર સ્વસિદ્ધિ અને નિધિનું સમ્યક્શ્રદ્ધાન્ અને જ્ઞાન કરવું એ જ માત્ર એક જ આત્મનિધિ અને સિદ્ધિને પ્રાપ્ત કરવાનો સમ્યક્માર્ગ છે. –જે માર્ગ ગુરુદેવ આપણને દેખાડી રહ્યા છે.

# જય હો અતીન્દ્રિયજ્ઞાનનો (સંપાદકીય)

## કાચનું દૂરબીન ખોટું પડશે; અતીન્દ્રિયજ્ઞાનનું દૂરબીન ખોટું નહીં પડે

* ચંદ્ર ઉપર વસ્તી છે.?

હા; ત્યાં જ્યોતિષીદેવો વસે છે.

* ચંદ્રલોકમાં જઈ શકાય?

હા; જે જીવોએ જિનભક્તિ વગેરે શુભભાવ કર્યા હોય અને આત્માનું ભાન કર્યું ન હોય–એવા મિથ્યાદ્રષ્ટિજીવો મરીને ચંદ્રલોકમાં પણ ઊપજે છે.

* એવા જીવોને અહીંથી ચંદ્રલોકમાં પહોંચતા કેટલો વખત લાગે?

એક કે બે સમય; એટલે એક સેકંડના કરોડ–અબજના ભાગથી પણ ઓછા વખતમાં તે ચંદ્રલોકમાં પહોંચી જાય. અહીંના મોટા રાજા–મહારાજા–શહેનશાહ કરતાં પણ ત્યાં વિશેષ વૈભવ છે.

* મનુષ્ય ચંદ્રલોકમાં જઈને રહી શકે?

ના; કદી નહીં.

* આવતા જુલાઈ માસમાં તો અમેરિકાના માણસો ચંદ્રલોકમાં ઉતરવાના છે?

તે ફક્ત કલ્પના છે; તેઓ ચંદ્રલોકમાં ઊતરી શકવાના નથી જ.

* તેઓ ગયા માસમાં ‘અપોલો ૧૦’ ની અવકાશયાત્રા વખતે ચંદ્રથી માત્ર નવ માઈલ જ દૂર રહ્યા હતા–તે ખરૂં?

તે વાત સાચી નથી. તેમણે મશીન દ્વારા અંતરનું જે માપ કર્યું છે તેમાં ક્યાંક મોટી ભૂલ છે. તેમના કથન પ્રમાણે તેમણે પૃથ્વીથી ચંદ્ર તરફનું બે કે પણ લાખ માઈલનું જ અંતર કાપ્યું હતું, એટલે હજી તો તેમને ચંદ્ર લાખો માઈલ દૂર રહ્યો, કેમકે સિદ્ધાંત અનુસાર ચંદ્ર (જ્યારે સૌથી નજીક હોય ત્યારે પણ) આપણાથી લગભગ ચાલીસ લાખ માઈલથી વધુ દૂર છે, ને તેની ગતિની ઝડપ દર કલાકે અઢીકરોડ માઈલ જેટલી છે.

* ચંદ્ર સંબંધમાં એક બીજી વિશેષતા એ છે કે જે ચંદ્રને આજે (એટલે ધારો કે રવિવારે) રાત્રે આપણે જોઈએ છીએ, બીજે દિવસે સોમવારે રાત્રે આપણે તે જ ચંદ્રને નથી દેખતા, પણ બીજા જ ચંદ્રને દેખીએ છીએ. રવિવારે દેખેલો ચંદ્ર તો

સોમવારે આપણાથી પચાસકરોડ માઈલ જેટલો દૂર (ઐરવતક્ષેત્રમાં) હોય છે; ને તે ચક્કર લગાવીને પાછો આપણને મંગળવારે દેખાય છે. જંબુદ્વીપની પૃથ્વીને ફરતું ચંદ્રનું એક ચક્કર ૪૮ કલાકે પુરું થાય છે, નહિ કે ૨૪ કલાકે. ચંદ્ર એક નથી પણ બે છે, અને બંને ચંદ્રો સામસામી દિશામાં રહીને જંબુદ્વીપને ચક્કર લગાવી રહ્યા છે. એક પૂરા ચક્કરમાં તેને લગભગ ૧, ૨૦, ૦૦૦, ૦૦૦૦ (એક અબજ ઉપરાંત) માઈલની મુસાફરી થાય છે.

* બીજું જો ચંદ્રની સાથે રહીને ચંદ્રયાન (એપોલો) એક પૂરી પ્રદક્ષિણા કરે તો તેમાં તેને ઐરવતક્ષેત્ર વિદેહક્ષેત્ર, લવણસમુદ્ર વગેરે પણ વચ્ચે આવે, એટલે તે પણ આ પૃથ્વીની જેમ દેખાવા જોઈએ, પરંતુ અવકાશયાત્રીઓ એવું કાંઈ દેખ્યાનો ઉલ્લેખ કરતા નથી. આ બધું સ્પષ્ટપણે એમ સિદ્ધ કરે છે કે રોકેટનું ચંદ્ર તરફ જવાનું કે ચંદ્રભૂમિ પર ઉતરવાનું જે કહેવામાં આવે છે તે માત્ર કલ્પના અને ભ્રમ છે. ભલે, રોકેટ લાખો માઈલ દૂર જતું હશે–એ સાચું હોય, પણ ચંદ્ર ઉપર પહોંચવાની વાત તો કલ્પિત પ્રચાર જ છે. એમ તો વિદ્યાધરો વિમાન દ્વારા સૂર્ય ચંદ્રથી પણ કેટલાય કરોડો માઈલ દૂર અને ઊંચે જતા હતા; એવી ઋદ્ધિઓ પણ હતી કે અહીં બેઠાબેઠા હાથ લાંબો કરીને સૂર્ય–ચંદ્રને સ્પર્શી શકે. સૂર્ય–ચંદ્ર અને પૃથ્વી વગેરે સંબંધમાં આધુનિક વિજ્ઞાનની ગણતરી ભૂલ ભરેલી છે. તેઓ કલ્પે છે એવી કે એવડી જ પૃથ્વી નથી, પૃથ્વી એનાથી તો ઘણી–ઘણી મોટી છે.

* રોકેટ ચંદ્ર ઉપર તો નહિ જ જાય, પરંતુ કદાચ પૃથ્વીના દૂરદૂરના કોઈ અજાણ્યા ભાગ ઉપર ઊતરીને, 'અમે ચંદ્ર ઉપર જઈ આવ્યા' એમ તે અવકાશયાપીઓ સમજી લેશે. છાપાઓમાં અવકાશયાપાને લગતા જે ફોટા–ચિત્રો પ્રસિદ્ધ કરવામાં આવે છે તે તો કલ્પનાથી ચિતરેલા હોય છે–એમ સ્પષ્ટ દેખાય છે. બાકી તો રશિયા ને અમેરિકા બંને રાષ્ટ્રો એકબીજાથી પોતાની અધિકતા સ્થાપવા તે સંબંધી મોટી મોટી વાતનો પ્રચાર કરતા હોય છે. જે પૃથ્વી પર આપણે રહીએ છીએ તેનો રંગ કેવો દેખાય છે તે બાબત પણ વૈજ્ઞાનિકો હજી નિર્ણય કરી શક્યા નથી. દરેક અવકાશયાત્રીઓનું વર્ણન એકબીજાથી જાુદા પ્રકારનું હોય છે. પૃથ્વી પોતાની ધરી ઉપર ફરે છે–એમ ઘણા વૈજ્ઞાનિકો માને છે, પરંતુ કોઈ અવકાશયાત્રીએ આકાશમાંથી પૃથ્વીને ફરતી જોઈ નથી. (પૃથ્વી ગોળ છે અને ફરે છે તે માન્યતાનો કેટલાક મોટા વિજ્ઞાનીઓ પણ અસ્વીકાર કરે છે.)

બંધુઓ, ખાસ કરીને વિદ્યાર્થી બંધુઓ! તમે જૈનસિદ્ધાંતનો નિઃશંકપણે અભ્યાસ કરજો. વિદેહક્ષેત્ર જેવા મહાન દેશો–કે જેને આપણા સંતોએ પ્રત્યક્ષ જોયેલ છે–અને જ્યાં સીમંધરાદિ ભગવંતો બિરાજે છે–તેના અસ્તિત્વની પણ જેને ખબર નથી, એવા આજના વિજ્ઞાનીઓ માત્ર કાચની આંખ વડે પૃથ્વીનું (જંબુદ્વીપનું) કે સૂર્ય–ચંદ્ર વગેરેનું ખરૂં સ્વરૂપ સમજી શકવાના નથી. આપણા વીતરાગી–વિજ્ઞાનીઓએ સમ્યક્જ્ઞાનના દિવ્યદૂરબીન વડે જોયેલી વસ્તુસ્થિતિ સદાય સત્ય જ રહેશે. અતીન્દ્રિયજ્ઞાનના દૂરબીન પાસે કાચના દૂરબીન સાચા નહીં પડે. ઇન્દ્રિયજ્ઞાન પદેપદે છેતરાશે, અતીન્દ્રિય જ્ઞાન કદી નહીં છેતરાય.

**જય હો અતીન્દ્રિયજ્ઞાનનો** (બ્ર. હ. જૈન)

---

# * તું એક છો *

પરપદાર્થો અનંતા, આ આત્મા એક; અરે આત્મા! તું એક છો. એક એવો તું પરનો કર્તા થવા જઈશ તો અનંતા પદાર્થોમાંથી કેટલાનું કરવા જઈશ? તું કરી તો નહિ શકે કોઈનું, –કરવાની મિથ્યાબુદ્ધિથી તને અનંત આકુળતા થશે. તે અનંત આકુળતાના અનંત દુઃખથી આત્માને છોડાવવાનો ઉપાય એટલો જ છે કે તારા ઉપયોગસ્વરૂપ એક આત્માને એકપણે જ રાખ.....પરનો કર્તા થવાની ખોટી મહેનત ન કર. તારા ચૈતન્ય ઉપયોગમાં બીજાને ઘૂસાડવાની વ્યર્થ મહેનત ન કર. તારી મહેનત નકામી જશે ને તું દુઃખી થઈશ. ઉપયોગને ઉપયોગસ્વરૂપે જ તું અનુભવ્યા કર, તેમાં પરમ શાંતિ છે.

તું કર્તા નહિ થા તોપણ જગતના સમસ્ત પદાર્થોનું કાર્ય તો થયા જ કરવાનું છે. તું કર્તાપણાની મિથ્યાબુદ્ધિ છોડી દઈશ તેથી કાંઈ જગતના કોઈ પદાર્થનું કામ અટકી જવાનું નથી. હા, અટકી જશે માત્ર તારી આત્મભ્રાંતિ! અને થશે તને આત્મશાંતિ. માટે આત્મશાંતિને હણનારી એવી આત્મભ્રાંતિને છોડ.....ને આત્મશાંતિદાતાર એવું ભેદજ્ઞાન કરીને ઉપયોગસ્વરૂપ એક આત્મામાં જ તારી બુદ્ધિ જોડ.

સંતો વારંવાર કહે છે કે–

હે જીવ! તું એક છો.....તારા એકત્વમાં તારી શોભા છે.

***

卐 जय जिनेन्द्र 卐




## વડાપ્રધાન કરતાં આપણાં બાળકો વધુ ભાગ્યશાળી છે

બંધુઓ, આ વાત વાંચીને કદાચ તમને આશ્ચર્ય થશે. પરંતુ પંદર–પંદર વર્ષ સુધી ભારત જેવા અધ્યાત્મપ્રધાન મહાન દેશનું વડાપ્રધાન પદ ભોગવનારા લાડીલા નેતા જવાહરલાલ નહેરુજીને જીવનભર અધ્યાત્મના જે સંસ્કાર નહોતા મળ્યા, તે અધ્યાત્મસંસ્કાર આપણા બાળકોને પારણામાંથી જ મળે છે. બાળવિભાગનું નાનું બચ્ચું પણ જાણે છે કે ‘હું જીવ છું.....હું આત્મા છું....’ હું છું આત્મા......પરમાત્મા’ એ આત્મગીત હજારો બાળકો આજે ઘરે ઘરે ગાય છે.

જ્યારે શ્રી જવાહરલાલ નહેરુ એક જગ્યાએ લખે છે કે–“આત્મા જેવી કોઈ વસ્તુ છે કે કેમ, અને મૃત્યુ પછી જીવન છે કે કેમ–એની મને ખબર નથી....” એટલે, આત્માના અસ્તિત્વનો પણ નિર્ણય તેઓ કરી ન શક્યા. ત્યારે ધાર્મિકસંસ્કાર ધરાવતું આપણું નાનું બાળક પણ બેધડક કહેશે કે–આત્મા છે, તે નિત્ય છે, છે કર્તા નિજકર્મ; છે ભોકતા, વળી મોક્ષ છે, મોક્ષ ઉપાય સુધર્મ.’

બીજા એક ઠેકાણે જવાહરલાલજી લખે છે કે “મેં સંતો અને મહાત્માઓ વિષે સાંભળ્યું છે પરંતુ એમને મળવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું નથી અને તેમના અસ્તિત્વ અંગે મને શંકા છે.” –ત્યારે આજે આપણને તો કેવા મજાના સંતો–ધર્માત્માઓ સાક્ષાત્ મળ્યા છે–ને આપણને કેવો સરસ આત્મા દેખાડી રહ્યા છે!

તમે જ કહો જોઈએ–કોણ ભાગ્યશાળી ? જવાહરલાલ નહેરુ કે આપણે ?

બંધુઓ, જીવનની સાચી મૂડી તો આત્મિક સંસ્કાર છે. નાનપણથી જ આત્મામાં ધર્મના સંસ્કાર રેડવા જેવા છે. આપણા આત્માની અને દેશની ખરી ઉન્નતિ તેમાં જ છે. સ્તુતિમાં પણ આવે છે કે ધર્મ સહિતની ગરીબી તો સારી છે, પરંતુ ધર્મ વગરનું

તો ચક્રવર્તી પદ પણ સારૂં નથી. માટે બંધુઓ! ધર્મના સંસ્કાર એ જ આપણી સાચી અને મહાન મૂડી છે, માટે તેનો અભ્યાસ જરૂર કરજો.

(આ લેખમાં નેહરુજીનાં અવતરણો “ફૂલછાબ”માંથી સાભાર લીધા છે.)

❄ છેલ્લા ત્રણચાર માસથી પૂ. ગુરુદેવ સાથેના પ્રવાસને કારણે તેમજ બીજા કામકાજને કારણે બાલવિભાગ આપી શકાયો ન હતો. હવે વ્યવસ્થિત આપીશું, તે માટે તમારા લેખો-પ્રશ્નો વગેરે ખુશીથી લખી મોકલાવજો. (બ્ર. હરિલાલ જૈન, સોનગઢ સૌરાષ્ટ્ર એ સરનામે મોકલવું.) ગુરુદેવ સાથેના પ્રવાસમાં ગામેગામ બાલવિભાગના કેટલાય સભ્યબંધુઓને મળીને આનંદ થયો.....બાળકોમાં ધર્મનો કેવો ઉત્સાહ ને થનગણાટ ભર્યો છે તે પણ ઠેરઠર જોવા મળ્યું; તેમને યોગ્ય દોરવણી અને પ્રોત્સાહન આપવામાં આવે તો કેટલું સુંદર કાર્ય કરી શકે તે પણ અનેક પ્રસંગોમાં જોવા મળ્યું. બાળકોમાં ખૂબ જાગૃતી આવી ગઈ છે. ખામી હોય તો એક જ છે કે બાળકો માટેના સારા સાહિત્યનો આપણા સમાજમાં લગભગ અભાવ છે.-એની ખૂબ જરૂર છે. નાનકડા બાલ-ઝાડવાંને ઊછેરવા હોય તો એને ધાર્મિક સાહિત્યરૂપી પાણી પીવડાવો.

-जय जिनेन्द्र

## સિદ્ધાંતનું સર્વસ્વ : રત્નત્રય

एतत्समयसर्वस्वं मुक्तेश्चेतन्निबन्धनम्।
हितमेतद्धि जीवानामेतदेवाग्रिमं पदम् ।। २२ ।।

આ રત્નત્રય જ સિદ્ધાંતનું સર્વસ્વ છે તથા તે જ મુક્તિનું કારણ છે; જીવોનું હિત તે જ છે અને પ્રધાન પદ તે જ છે.

ये याता यान्ति यास्यन्ति यमिन; पदमव्ययम्।
समाराध्यैव ते नूनं रत्नळयमखण्डितम् ।। २३ ।।

ખરેખર આ રત્નત્રયને અખંડિત-પરિપૂર્ણ-આરાધીને જ સંયમી મુનિઓ આજસુધી પૂર્વકાળમાં મોક્ષ ગયા છે, વર્તમાનમાં જાય છે તથા ભવિષ્યમાં જશે.

# અમે જિનવરનાં સંતાન ( નવા સભ્યોનાં નામ )

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૩૦૯A | રાજેન્દ્રકુમાર ત્રંબકલાલ જૈન | સુરેન્દ્રનગર | ૨૩૩૪ | અશોકકુમાર કેશવલાલ જૈન | રખિયાલ |
| ૨૩૦૯B | પ્રદિપકુમાર ત્રંબકલાલ જૈન | સુરેન્દ્રનગર | ૨૩૩૫ | દિલીપકુમાર અમૃતલાલ જૈન | રખિયાલ |
| ૨૩૧૦A | निरंजनाबेन लक्ष्मीचंदजी जैन | जबेरा | ૨૩૩૬ | નવનીતકુમાર વાડીલાલ જૈન | સોનાસણ |
| ૨૩૧૦B | शशिकुमारी लक्ष्मीचंदजी जैन | ” | ૨૩૩૭A | રોહિતકુમાર નગીનદાસ જૈન | ધનીપોળ |
| ૨૩૧૧A | પ્રવીણચંદ્ર મીઠાલાલ જૈન | પ્રાંતિજ | ૨૩૩૭B | કૈલાસબહેન નગીનદાસ જેન | ધનીપોળ |
| ૨૩૧૧B | નલિનકુમાર મીઠાલાલ જૈન | પ્રાંતિજ | ૨૩૩૮ | શૈલેશકુમાર ચંદુલાલ જૈન | રખિયાલ |
| ૨૩૧૨ | દિનેશભાઈ ડાહ્યાલાલ જૈન | બરોડા | ૨૩૩૯ | રાજેન્દ્રકુમાર જીવણલાલ જૈન | ખાનપુર |
| ૨૩૧૩A | ધર્મિષ્ઠાબહેન રસિકલાલ જૈન | અમદાવાદ | ૨૩૪૦ | હસમુખભાઈ કોદરલાલ જૈન | રખિયાલ |
| ૨૩૧૩B | અલકાબહેન રસિકલાલ જૈન | અમદાવાદ | ૨૩૪૧A | બાબુલાલ મીઠાલાલ જૈન | રખિયાલ |
| ૨૩૧૪A | દશરથભાઈ મોહનલાલ જૈન | રખિયાલ | ૨૩૪૧B | અજીતકુમાર મીઠાલાલ જૈન | રખિયાલ |
| ૨૩૧૪B | હર્ષદભાઇ મોહનલાલ જૈન | રખિયાલ | ૨૩૪૨ | દિપકકુમાર કાંતીલાલ જૈન | રાજકોટ |
| ૨૩૧૫ | રમેશચંદ્ર કાંતિલાલ જૈન | વડોદરા | ૨૩૪૩ | મનુભાઈ ડાહ્યાભાઈ જૈન | રખિયાલ |
| ૨૩૧૬ | મહેન્દ્રકુમાર સુમતિલાલ જૈન | રખિયાલ | ૨૩૪૪A | દિલીપ મીઠાલાલ જૈન | રખિયાલ |
| ૨૩૧૭ | જદુરાય છોટાલાલ જૈન | રખિયાલ | ૨૩૪૪B | શૈલેષભાઈ મીઠાલાલ જૈન | રખિયાલ |
| ૨૩૧૮ | બીપીનચંદ્ર મણીલાલ જૈન | તલોદ | ૨૩૪૫ | કીરીટકુમાર કેશવલાલ જૈન | રખિયાલ |
| ૨૩૧૯ | દિલીપકુમાર ભોગીલાલ જૈન | રખિયાલ | ૨૩૪૬ | અરવિંદકુમાર વાડીલાલ જૈન | ખાનપુર |
| ૨૩૨૦A | આશાબહેન રસિકલાલ જૈન | સુરેન્દ્રનગર | ૨૩૪૭ | રતીલાલ છોટાલાલ જૈન | રખિયાલ |
| ૨૩૨૦B | પ્રકાશચંદ્ર રસિકલાલ જૈન | સુરેન્દ્રનગર | ૨૩૪૮ | ચંપકલાલ છોટાલાલ જૈન | તલોદ |
| ૨૩૨૦C | મુકેશચંદ્ર રસિકલાલ જૈન | સુરેન્દ્રનગર | ૨૩૪૯ | કીરીટકુમાર કોદરલાલ જૈન | રખિયાલ |
| ૨૩૨૧ | સુભાષચંદ્ર રમણલાલ જૈન | મુંબઇ | ૨૩૫૦A | મનહરલાલ કાંતિલાલ જૈન | ઝીંઝવા |
| ૨૩૨૨ | અરવીંદકુમાર ચંદુલાલ જૈન | રખિયાલ | ૨૩૫૦B | ગુણવંતકુમાર કાંતિલાલ જૈન | ઝીંઝવા |
| ૨૩૨૩ | રમેશચંદ્ર તારાચંદ જૈન | રખિયાલ | ૨૩૫૧ | ડીમ્પલકુમાર જયંતીલાલ જૈન | વડોદરા |
| ૨૩૨૪ | હસમુખલાલ ચંદુલાલ જૈન | રખિયાલ | ૨૩૫૨ | પદ્માબેન ભોગીલાલ જૈન | બડોલી |
| ૨૩૨૫ | રમેશચંદ્ર છોટાલાલ જૈન | દલોદ | ૨૩૫૩A | અશ્વિનકુમાર છોટાલાલ જૈન | કલકત્તા |
| ૨૩૨૬ | હસમુખ કેશવલાલ જૈન | રખિયાલ | ૨૩૫૩B | નરેશ છોટાલાલ જૈન | કલકત્તા |
| ૨૩૨૭ | અરવિંદ છોટાલાલ જૈન | રખિયાલ | ૨૩૫૩C | મીનાક્ષીબેન છોટાલાલ જૈન | કલકત્તા |
| ૨૩૨૮ | અશોકકુમાર શકરાલાલ જૈન | રખિયાલ | ૨૩૫૩D | પ્રતિભાબહેન છોટાલાલ જૈન | કલકત્તા |
| ૨૩૨૯ | અજીતકુમાર રમણલાલ જૈન | રખિયાલ | ૨૩૫૪ | મુકેશકુમાર આનંદરામ જૈન | પુના |
| ૨૩૩૦ | વસંતકુમાર શકરાલાલ જૈન | રખિયાલ | ૨૩૫૫ | મૃદુલાબેન ચતુરભાઈ જૈન | ચિત્તલ |
| ૨૩૩૧ | પરેશ કિર્તીકાન્ત જૈન | કલકત્તા–૬ | ૨૩૫૬ | મનોજકુમાર ઈશ્વરલાલ જૈન | રાજકોટ |
| ૨૩૩૨ | અરવિંદકુમાર બાબુલાલ જૈન | રખિયાલ | ૨૩૫૭ | નીતિનકુમાર લલિતચંદ જૈન | સુરેન્દ્રનગર |
| ૨૩૩૩ | પૂનમચંદ નગીનદાસ જૈન | ધનીપોળ | ૨૩૫૮ | હેમાંશુ કાંતિલાલ જૈન | રાજકોટ |

( બીજાં નામો આવતા અંકે )

## વાંચકો સાથે વાતચીત (પૃ. ૩૦ થી ચાલુ)

❄ બિપિન એન. જેન, હસમુખભાઈ એમ. જૈન; તથા યોગેશ જૈનઃ ચંદ્રલોક બાબત આપના પત્રોનો ખુલાસો આ અંકમાં મળી જશે.

❄ રખિયાલથી જદુરાયભાઈ લખે છે– ‘આત્મધર્મ મને ખરેખર ઘણું વાંચવું ગમે છે. સ્કુલની પરીક્ષાના સમયે પણ આત્મધર્મનો નવો અંક આવ્યો હોય તો પ્રથમ તેને હું વાંચું છું.’ સાથે તેમણે નીચેનું જોડકણું પણ લખ્યું છે–

### આત્મધર્મ હસતું આવે

આત્મધર્મ હસતું–રમતું આવે,
કઈક મજાની વાતું લાવે.
અધ્યાતમનો ડાયરો જમાવે.....
સાધર્મીનો સંગ કરાવે...
આત્મધર્મ હસતું આવે....
દેવ–ગુરુનો સંદેશ લાવે;
આત્માનું સ્વરૂપ સમજાવે;
તું જો એને કાંઈ પૂછાવે,
રસભર જવાબ શીઘ્ર જ લાવે...
આતમધર્મ હસતું આવે....
અવનવું છે કામ જ એનું,
વેશ નવા બદલાવે.;
આત્મધર્મ અનુભૂતિ કરાવે,
મોક્ષપુરીનો માર્ગ બતાવે.....
આત્મધર્મ હસતું આવે......

*

આપણા ભગવાન બાહુબલીની ૫૭ ફૂટ ઊંચી (એટલે લગભગ પંદર બાળકોને એકબીજા ઉપર ઉભા રાખીએ તેટલી ઊચી) પ્રતિમા મૈસુર પાસે શ્રવણબેલગોલામાં છે. આ ભવ્યપ્રતિમાના દર્શન ભારતના બે વડાપ્રધાનોએ કર્યા છે. તે બે વડાપ્રધાન કોણ? એક તો પં. જવાહરલાલજી નહેરુ અને બીજા ઈન્દીરાજીબેન ગાંધી; ભારતના એ બંને વડાપ્રધાનો પહાડ પર અડોલ ઊભેલા બાહુબલી ભગવાનને દેખીને આશ્ચર્યમાં પડી ગયા હતા. તેમને એમ થયું હશે કે અરે! આવડા મોટા ભગવાન પાસે અમે તો કેટલા નાના છીએ!

સુરેન્દ્રનગરથી નવ–દશ વર્ષનો બાળક અજયકુમાર જૈન લખે છે કે–“હું ‘આત્મવૈભવ’ પુસ્તક દરરોજ વાંચુ છું, ૧૭ શક્તિ વાંચી નાંખી છે; આત્મશક્તિઓ બહુ આનંદ આપે છે. આ સિવાય ૭૫ મી જન્મજયંતીનું પુસ્તક (અભિનંદન ગ્રંથ) વાંચુ છું. મેં દર્શનકથા, બે સખી, અકલંક–નિકલંક, મહારાણી ચેલણા, જૈનબાળપોથી વગેરે પુસ્તકો વાંચ્યા છે. હવે હું ભરતેશવૈભવ વાંચીશ.”

વડીલો દ્વારા અપાતા સંસ્કારને લીધે નાના બાળકો પણ ધર્મના ઉત્તમ અભ્યાસમાં કેવો રસ લઈ શકે છે–તેનો આ એક દાખલો છે. આ પત્ર છ માસ પહેલાંનો છે; અત્યારે તો તેણે આત્મવૈભવ વગેરે પુસ્તકો પૂરા કરી લીધા હશે. –ધન્યવાદ!

❈ જેઠ–અષાઢ માસમાં શિક્ષણવર્ગમાં અનેક વિદ્વાનો સોનગઢમાં તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરી ગયા; તે ઉપરાંત દિગંબર જૈનસમાજના કેટલાક વૈરાગ્યવંત ત્યાગીઓ પણ જિજ્ઞાસાબુદ્ધિપૂર્વક સોનગઢ–ચાતુર્માસ રહ્યા છે અને ત્યાગાદિ પહેલાં આત્મજ્ઞાનનું મહત્વ છે તે લક્ષગત કરીને તે માટે પ્રયત્નશીલ છે; તેઓ વારંવાર ઉલ્લાસભર્યા ઉદ્ગારો વડે સોનગઢના અધ્યાત્મવાતાવરણ પ્રત્યે પોતાનો પ્રમોદ વ્યક્ત કરે છે.

❈ જામનગરથી પંકજ જૈન લખે છે કે– 'મારી બા દરરોજ કહેતા કે આત્માની સમજણ કરો, તેનો અભ્યાસ કરો, પણ હું કરતો નહીં. પછી એક દિવસ મેં આત્મધર્મ વાંચ્યું તો એવી મજા પડી કે ગુરુદેવે કેવો આત્મા બતાવ્યો છે! અમને પણ આ સમજાય તેવું છે એટલે હવે વાંચવામાં મજા આવે છે.

પ્રશ્નઃ– આ જીવ સાક્ષાત્ ભગવાન પાસે હતો ત્યારે પણ કેમ સમજ્યો નહીં?

ઉત્તરઃ– ભાઈ! અમને પણ એ જ પસ્તાવો થાય છે કે કેમ ન સમજ્યો? માટે હવે અત્યારે આત્માનું સ્વરૂપ સમજી લઈએ, ને પ્રમાદ કરીને ફરીને ભૂલ ન કરીએ.–જેથી કરીને અત્યારની જેમ ભવિષ્યમાં પણ પસ્તાવાનો વખત ન આવે.

❈ રખિયાલથી રતિલાલ એન. જૈન લખે છે કે બાલવિભાગ શરૂ થયા પછી અમારા આ નાનકડા ગામડામાં પણ ગુરુદેવના પ્રતાપે ૨૬ ઉપરાંત આત્મધર્મ આવે છે, ને સૌ હોંશથી તેનો લાભ છે. પાઠશાળાના બાળકોને બહુજ આનંદ આવે છે. –તમારા ઉત્સાહ માટે ધન્યવાદ! હજી પણ આગળ વધો.

## ❈ અમારો અમેરિકાનો પત્ર ❈

અમેરિકા જેવા દેશમાં વસતા આપણા જિજ્ઞાસુ સાધર્મી, ત્યાં પણ ગુરુદેવના પ્રતાપે સત્યની કેવી જિજ્ઞાસા ટકાવી રાખે છે, ને ભારતદેશમાં આવીને ધર્માત્માઓનાં દર્શન કરવાની કેવી ભાવના સેવે છે–તે અહીં રજૂ થતા પત્રમાં જોવા મળશે. ન્યુયોર્કથી પત્ર લખનાર ભાઈશ્રી પ્રબોધકુમાર રમણીકલાલ શાહ આપણા બાલવિભાગના સભ્ય (નં. ૧૯૯૧) છે; અને દેશમાંથી તેમની માતા તેમને ધર્મની પ્રેરણા આપ્યા કરે છે. રત્ન જયંતી પ્રસંગે ન્યુયોર્કથી પત્ર દ્વારા પોતાની ભાવના વ્યક્ત કરતાં તેઓ લખે છે કે–"હે મારા વહાલા ગુરુદેવ! હે બાળજીવોના આધાર! હે ભવાટવીમાંથી બચાવનાર! હે ડુબેલા સત્યને બહાર લાવનાર ગુરુદેવ! આપને શું ઉપમા આપું? બીજા ડોકટરો તો કદાચ જડ શરીરના રોગ મટાડે છે ત્યારે આપ તો એવા અલૌકિક ડોકટર છો,–કે જે ચૈતન્ય ચૈતન્યને ભૂલીને ભ્રાંતિરૂપી રોગ લાગુ પડયો છે તેને સાચું સ્વરૂપ સમજાવીને ભ્રાંતિરૂપી રોગ મટાડો છો ને ભવભ્રમણના દુઃખથી છોડાવો છો. જડ–ચેતનનું ને સ્વ–પરનું પૃથક્કરણ કરાવીને, મહાન ચૈતન્યશક્તિને ઓળખાવનારા આપ જ સાચા વિજ્ઞાની છો. આજકાલ અવકાશયાત્રા પાછળ

લોકો મુગ્ધ બન્યા છે, પરંતુ અવકાશમાં સૌથી શ્રેષ્ઠ સ્થાન એવું જે સિદ્ધાલય લોકાગ્રે છે, તે લોકોગ્રે સમ્યક્ત્વરૂપી રોકેટના બળે આપ પહોંચવાના છો ને અમને પણ સાથે લઈ જવાના છો, તેથી આપ જ શ્રેષ્ઠ, 'અવકાશયાપી' છો. આત્માશ્રિત મોક્ષમાર્ગના શંખનાદ ફૂંકીને ગુરુદેવે મોહાંધકારમાં સૂતેલા જીવોને જગાડયા છે; એ શંખનાદનો અવાજ દેશ–પરદેશમાં પહોંચી ગયો છે, ને ઘરડા તેમજ યુવાન, બાળકો તેમજ કોલેજિયનો સૌ જાગૃત બન્યા છે, અહો, જગતના જીવો! જાગો.....જ્ઞાનીઓએ સત્ પામવા માટે જે જે દુર્લભતા બતાવી છે તે બધી આપણા માટે અત્યારે સુલભ બની રહી છે. આ મહાન અમૂલ્ય તકનો લાભ લઈને ભેદજ્ઞાનવડે ભયંકર ભવ દુઃખથી મુક્ત થઈએ. ગુરુદેવે પંચમકાળને ભૂલાવી દીધો છે ને આપણા માટે ચોથો કાળ વર્તી રહ્યો છે. બે પાંચવર્ષ કે બે–પાંચ ભવ નહિં પરંતુ અનંતકાળ સુધી અનંત સુખ મળ્યા કરે એવો માર્ગ ગુરુદેવે આપણને આપ્યો છે. (વિશેષમાં તે ભાઈ લખે છે કે–) આવા વહાલા ગુરુદેવનાં દર્શન કર્યાંને મને તો પાંચપાંચ વર્ષના વહાણાં વાઈ ગયાં. પાંચ વર્ષ પહેલાં જ્યારે અમેરિકા આવતો હતો ત્યારે ગુરુદેવના દર્શન કરવા અને આશીર્વાદ લેવા આવ્યો હતો, ત્યારે આહારદાનનો પણ લાભ મળ્યો હતો. અહીં તે બધું યાદ આવે છે. તે વખતના ગુરુદેવના વચનો હજી પણ કાનમાં ગૂંજે છે; તેમણે કહ્યું હતું કે 'આ આત્માની સમજણ કરવી એ જ સાચું ભણતર છું' હું હવે થોડા જ વખતમાં ત્યાં (ભારતમાં) આવવાનો છું; પહેલાં તો, પાંચ પાંચ વર્ષથી મારા ગુરુદેવના દર્શનનો મને વિયોગ થયો છે એટલે આવીને તરત જ અનંત ઉપકારી ગુરુદેવના દર્શન કરવા આવવું છે...બાળ વિભાગે અમ બાળકોને જાગૃત કરી દીધા છે....." વગેરે લખ્યું છે. આ ઉપરથી બાળકોમાં રેડાતાં ધર્મસંસ્કારોનો ખ્યાલ આવશે. અને બાળવિભાગને ઉત્તેજન આપીને તેને વિકસાવવાની કેટલી જરૂર છે તે પણ જિજ્ઞાસુઓ સમજી શકશે.

* જન્મદિવસની ભેટ મળતાં ખુશી થઈને ખંડવાથી नन्नीबेन લખે છે– 'સંતોકા યહ ફોટો દેખકર હમ અપને જીવનમેં ઉત્સાહ બઢાવેંગે, તથા દેવ–ગુરુ–શાસ્ત્રકી સેવા કર શાસ્ત્રકા અભ્યાસ કરેંગે ઔર સન્તોં કે જૈસા અપના જીવન બનાકર દેશમેં જૈનધર્મકા ડંકા બજવાયેંગે.' ખુશીસે બજાઓ....લેકિન ધર્મકા પહલા ડંકા અપની આત્મામેં બજાના.

પ્રશ્નઃ– વાંચન ઔર શ્રવણ કરતે હુએ ભી અનુભવ કયોં નહીં હોતા? પ્રેમસે શાસ્ત્ર પઢતે ભી હૈ, સુનતે ભી હૈ ઔર સમઝતે ભી હૈ, ફિર ભી અનુભવ નહીં હોતા–ઈસકા કયા કારણ?

તમારો પ્રશ્ન બહુ મજાનો છે, બેન! સાચું ફળ ન આવ્યું તો સમજવું કે જ્ઞાનીના ભાવ અનુસાર ન પઢા ન સુના ન સમઝા; જ્ઞાનીઓએ

જે ભાવ કહ્યા તે ભાવ લક્ષગત કરીને પઢે–સૂને સમજે તો જરૂર અનુભવ થાય જ. જ્ઞાનીઓએ રાગથી ભિન્ન થઈને, અને જ્ઞાનમાં એકાગ્ર થઈને સમજવાનું કહ્યું છે; પરંતુ તેને બદલે જીવ રાગમાં એકાગ્ર રહીને સુણે છે, રાગમાં એકાગ્ર રહીને વાંચે છે ને રાગમાં જ એકાગ્ર રહીને સમજવાની ચેષ્ઠા કરે છે, –પછી રાગથી જુદો અનુભવ ક્યાંથી થાય? જ્ઞાનભાવરૂપ થઈને સૂણે–સાંભળે–સમજે તો જીવને જ્ઞાનનો અનુભવ થાય.... થાય ને થાય.

## શોધો.....ને.....ઈનામ મેળવો

ધર્મના પુસ્તકોમાંથી તમારે ગમે તે એક પૂરું વાક્ય શોધીને લખવાનું છે–તે વાક્ય ટૂંકામાં ટૂંકું હોવું જોઈએ. સૌથી ટુકું વાક્ય લખી મોકલનારાઓને ત્રણમાંથી કોઈ એક વસ્તુ ભેટ મોકલાશે. (દર્શનકથા, મહારાણી ચેલણા અથવા ગુરુદેવનો ફોટો.) ત્રણમાંથી કઈ વસ્તુ તમને પસંદ છે તે લખવું. જવાબ તા. ૧૦–૭–૬૯ સુધીમાં (સંપાદક આત્મધર્મ, સોનગઢ) એ સરનામે મોકલવા.

(ગતાંકની તેમજ આ અંકની ઈનામીયોજનામાં ઈનામો આપવા માટે રાજકોટના આપણા સભ્યો દીપક–રૂપાબેન અને કમલેશ વછરાજ જૈન તરફથી કુલ રૂા. ૩૩/– આપવામાં આવ્યા છે તે બદલ ધન્યવાદ!)

**જરૂર છે વાત્સલ્યની....**

**સાધર્મીના વાત્સલ્ય વગર ધર્મનો પ્રેમ હોતો નથી.....**

**જેને ધર્મ વહાલો એને સાધર્મી પણ વહાલા.....**

**આજે જરૂર છે ખૂબ ખૂબ વાત્સલ્યની......**

# વૈરાગ્ય સમાચાર

* મુંબઈ મુકામે તા. ૨૫–૫–૬૯ ના રોજ દામનગરવાળા છોટાલાલ લલ્લુભાઈ અજમેરાના માતુશ્રી કસુંબાબેન હાર્ટફેઈલથી સ્વર્ગવાસ પામ્યા છે; તેમણે ગુરુદેવ સાથેના સંઘમાં ત્રણ વાર તીર્થયાપા કરેલી, તેમજ છેલ્લે મુંબઈના પંચકલ્યાણકનો પણ લાભ લીધો હતો.

* વીંછીયાના ભાઈશ્રી સવાઈલાલ પ્રેમચંદ ડગલીના માતુશ્રી જબુબેન તા. ૨૭–૫–૬૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે; ગુરુદેવ મુંબઈ પધાર્યા ત્યારે તેમણે દર્શનની ભાવના પૂરી કરી હતી.

* વઢવાણના ભાઈશ્રી નવનીતલાલ કે. શાહના પુત્ર 'ડિમ્પલ' તા. ૪–૬–૬૯ ના રોજ માપ પાંચ વર્ષની બાલવયે લકવા અને હૃદયરોગથી સ્વર્ગવાસ પામી ગયા. તેના માતા–પિતાએ છેલ્લે સુધી તેનામાં ધાર્મિકસંસ્કારો રેડયા હતા, ને તેણે તે શાંતિપૂર્વક સાંભળ્યું હતું.

* સાગરના શેઠશ્રી ભગવાનદાસજીના પૌત્ર ઉત્તમચંદ (તે ડાલચંદજીના પીજા પુત્ર) માત્ર પાંચ વર્ષની બાલવયમાં, અચાનક તરવાના હોજમાં ડૂબી જવાથી તા. ૧૫–૫–૬૯ના રોજ સ્વર્ગવાસ પામી ગયા છે.

* સોનગઢના ભાઈશ્રી અભયકુમાર ચુનીલાલ દામાણી (તે હીરાચંદભાઈના પૌત્ર) તા. ૧૭–૬–૬૯ના રોજ ૨૨ વર્ષની વયે સ્વર્ગવાસ પામી ગયા. હમણાં જ તેમણે બી. એ ની પરીક્ષા પાસ કરી હતી, ને આગળનો કોર્સ કયો લેવો તે નક્કી કરવા પાલીતાણા ગયેલા, ત્યાંથી પાછા મોટરસાઈકલ ઉપર સોનગઢ આવતાં વચ્ચે અકસ્માત થઈ જતાં ત્યાં જ બેશુદ્ધ થઈ ગયેલ; ત્યાંથી તરત જ પાલીતાણા થઈને ભાવનગર–ઈસ્પિતાલમાં પહોંચાડયા. ગુરુદેવ તા. ૧૭ની સવારે ત્યાં જઈ આવ્યા, ને તેમની અંતિમસ્થિતિ જોઈને સર્વે કુંટુંબીજનોને શાંતિ અને ધૈર્ય રાખવાનું કહ્યું. તે જ દિવસે દશેક વાગે અભયકુમારનો દેહાંત થઈ ગયો. આ પ્રસંગે સોનગઢમાં ખૂબ વૈરાગ્યનું વાતાવરણ છવાઈ ગયું હતું. ગુરુદેવે સંસારના સંયોગની ક્ષણભંગુરતા બતાવીને વારંવાર કહ્યું કે 'સર્વ ક્ષણિકં.... એક ધ્રુવં' ઉપયોગસ્વરૂપ પોતાનો શુદ્ધઆત્મા જ જીવને ધ્રુવ છે, ને તે જ શરણરૂપ અભયસ્થાન છે; બીજું કાંઈ જીવને ધ્રુવ નથી, શરણ નથી. આવા આત્માની ઓળખાણ કરવાથી જ મરણનો ભય ટળીને અભય પદ પમાય છે.

* ઉમરાળાવાળા ભાઈશ્રી ખીમચંદ પ્રાગજીભાઈ મહેતા તા. ૧૬–૬–૬૯ ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. ગુરુદેવ મુંબઈ હતા ત્યારે ઈસ્પિતાલમાં પધારીને ખીમચંદભાઈને દર્શન દીધા હતા.

–સ્વર્ગસ્થ આત્માઓ જૈનધર્મના શરણે આત્મહિત પામો.

---

# મોક્ષના સાથીદાર

જ્ઞાની સંતો આપણા મોક્ષના સાથીદાર છે; પોતે કરેલા સ્વાનુભવની રીત બતાવીને તેઓ કહે છે કે તું પણ આવો સ્વાનુભવ કરીને અમારી સાથે મોક્ષમાં ચાલ. વાહ! સન્તો વહાલથી શિષ્યજનોને મોક્ષમાં પોતાની સાથે લઈ જાય છેઃ–

**હે સખા! ચાલને.....મારી સાથ મોક્ષમાં,**
**છોડ પરભાવને......ઝૂલ આનંદમાં.....**
**નિજ સાથ મોક્ષમાં લઈ જવા ભવ્યને,**
**શ્રી મુનિરાજ સંબોધતા વ્હાલથી.....હે સખા!**
**સાંભળી બુદ્ધિને વાળીને અંતરે,**
**મગ્ન થા પ્રેમથી સુખના સાગરે;**
**નિજ સ્વ-રૂપને એકને ગ્રહ તું.**
**એ જ આગમ તણા મર્મનો સાર છે....હે સખા!**
**સૂજ્ઞ પુરુષ તો સૂણી આ શિખને,**
**હર્ષથી ઉલ્લસી છોડે પર ભાવને;**
**પરમાનંદ-ભરપૂર નિજ પદ ગ્રહી,**
**શુદ્ધ સ્વરૂપમાં વેગથી તે વળે....હે સખા!**
**અમે જશું મોક્ષમાં, કેમ તને છોડશું?**
**આવજે મોક્ષમાં તુંય અમ સાથમાં.....**
**ભવ્ય નિજ પદને સાધજે ભાવથી,**
**શિખ આ સંતની શીઘ્ર તું માનજે....હે સખા!**
**તીર્થપતિ મોક્ષમાં જાય છે જે ભવે,**
**ગણપતિ પણ જરૂર જાય છે તે ભવે;**
**શિષ્ય એ સંતનો રત્નત્રય સાધીને....**
**સંતની સાથમાં મોક્ષમાં જાય છે......હે સખા!**

નિયમસાર કળશ ૧૩૩ ઉપરથી બનાવેલું આ કાવ્ય અગાઉ સમ્યગ્દર્શન પુસ્તક ૧ (બીજી આવૃત્તિ) પૃ. ૧૯૫ માં, તેમજ આત્મધર્મના હીરકજયંતી અંક (નં. ૨૪૭) માં છપાયેલું છે. અનેક જિજ્ઞાસુઓએ તે મોઢે પણ કર્યું છે. ઈનામી યોજનાનુસાર જેટલા ભાઈ–બહેનોએ આ કાવ્ય શોધી મોકલ્યું હતું, તે દરેકને ઈનામ મોકલાઈ ગયું છે. (સં.)

——શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રકઃ મગનલાલ જૈન. અજિત મુદ્રણાલયઃ સોનગઢ (પ્રતઃ ૨૬૦૦)